dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26


Year-08 | Issue-268 | AD - 2025, Ashadh Sud-07 | Wednesday, Dt.02-07-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં નિર્ણય

# કેબિનેટે રોજગાર-સંલગ્ન પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી, ૩.૫ કરોડથી વધુ નોકરીઓનું સર્જન કરાશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં રોજગાર સર્જનને વેગ આપવા, પહેલી વાર નોકરી શોધનારાઓને પ્રોત્સાહિત કરવા અને દેશમાં કાર્યબળ માટે સામાજિક સુરક્ષા મજબૂત કરવા માટે રોજગાર સાથે જોડાયેલ પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપવામાં આવી છે. વૈષ્ણવે જણાવ્યું હતું કે ૯૯,૪૪૬ કરોડ રૂપિયાના ખર્ચ સાથે,ઈએલઆઈ યોજના ૩.૫ કરોડથી વધુ નોકરીઓના સર્જનને ટેકો આપશે. આ યોજના હેઠળ, પહેલી વાર નોકરી કરનારા કર્મચારીઓને એક મહિનાનો પગાર (૧૫,૦૦૦ રૂપિયા સુધી) મળશે, નોકરીદાતાઓને વધારાની રોજગારીનું સર્જન કરવા માટે બે વર્ષ માટે પ્રોત્સાહન આપવામાં આવશે, જેમાં ઉત્પાદન ક્ષેત્ર માટે બે વર્ષ માટે વિસ્તૃત લાભો આપવામાં આવશે. ઈએલઆઈ યોજનાની જાહેરાત કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫માં ૪.૧ કરોડ યુવાનો માટે રોજગાર, કૌશલ્ય અને અન્ય તકોની સુવિધા આપવા માટે પીએમના પાંચ યોજનાઓના પેકેજના ભાગ રૂપે કરવામાં આવી હતી, જેનો કુલ બજેટ ખર્ચ ૨ લાખ કરોડ રૂપિયા છે. ૯૯,૪૪૬ કરોડ રૂપિયાના ખર્ચ સાથે,ઈએલઆઈ યોજનાનો હેતુ ૨ વર્ષના




સમયગાળામાં દેશમાં ૩.૫ કરોડથી વધુ નોકરીઓના સર્જનને ઉત્તેજીત કરવાનો છે. આમાંથી ૧.૯૨ કરોડ લાભાર્થીઓ કાર્યબળમાં પહેલી વાર પ્રવેશ કરનારા હશે. આ યોજનાના લાભો ૦૧ ઓગસ્ટ, ૨૦૨૫ થી ૩૧ જુલાઈ, ૨૦૨૭ વચ્ચે સર્જાયેલી નોકરીઓ પર લાગુ થશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા મંજૂર કરાયેલ સંશોધન વિકાસ અને નવીનતા યોજના વિશે માહિતી આપી હતી. તેમણે કહ્યું, અનુસંધાન રાષ્ટ્રીય સંશોધન ફાઉન્ડેશનને થોડા સમય પહેલા વડા પ્રધાન દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.એએનઆરએફે ઈઝરાયલ, અમેરિકા, સિંગાપોર, જર્મની જેવા વિવિધ દેશોના કાર્યક્રમોનો અભ્યાસ અને સલાહ લીધી હતી, જેમની પાસે સંશોધનથી ઉત્પાદન સુધીનો સારો નકશો છે. આ કાર્યક્રમ સમાન રોડમેપ, શિક્ષણ અને પરામર્શના આધારે બનાવવામાં આવ્યો છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, પરમાકુડીથી રામનાથપુરમ સુધીનો રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૬.૭ કિમી લાંબો છે. તે પહેલાથી જ મદુરાઈથી પરમાકુડી સુધી ચાર-લેનનો છે. આજની મંજૂરી સાથે, પરમાકુડીથી આગળ રામનાથપુરમ સુધી ચાર-લેનનો પ્રસ્તાવ છે. ત્યારબાદ ધનુષકોડી સુધીનો દરિયાઈ ભાગ ડીપીઆર હેઠળ તૈયાર કરવામાં આવી રહ્યો છે. ડીપીઆર તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ તમિલનાડુના દરિયાકાંઠાના વિસ્તારના લોકોની લાંબા સમયથી પડતર માંગ હતી. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા મંજૂર કરાયેલ ખેલો ઈન્ડિયા નીતિ ૨૦૨૫ વિશે માહિતી આપી. આ નીતિ રાષ્ટ્રીય રમત નીતિ ૨૦૨૧ નું સ્થાન લેશે. તેને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સાથે જોડવામાં આવશે. તેમણે કહ્યું, આ દેશ માટે એક નવો માર્ગ મોકળો કરશે. આ ૧૧ વર્ષોમાં, વડા પ્રધાને રમતગમત પર અલગ રીતે ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, વ્યવસ્થિત રીતે પ્રતિભાઓને આગળ લાવવાનો પ્રયાસ કર્યો છે. આને ધ્યાનમાં રાખીને, આ નવી નીતિ બનાવવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગે માહિતી આપી હતી. આ યોજનાનો હેતુ બે વર્ષમાં દેશમાં ૩.૫ કરોડથી વધુ નવી રોજગારીની તકો ઊભી કરવાનો છે. આ સાથે, પ્રથમ વખત કામ કરતા કર્મચારીઓને પણ યોજના હેઠળ પ્રોત્સાહન આપવામાં આવશે. દરેક નવા કર્મચારીને બે વર્ષ માટે દર મહિને ૩,૦૦૦ સુધીનું પ્રોત્સાહન આપવામાં આવશે. આ પ્રોત્સાહન એવા નોકરીદાતાઓને આપવામાં આવશે જેઓ એવા કર્મચારીઓને નોકરી પર રાખશે જેમનો પગાર દર મહિને ૧ લાખ રૂપિયા સુધીનો છે. બાંધકામ ક્ષેત્ર માટે પણ આ પ્રોત્સાહન ત્રીજા અને ચોથા વર્ષ માટે ચાલુ રહેશે. દેશમાં સંશોધન, નવીનતા અને માળખાગત સુવિધાને પ્રોત્સાહન આપવા માટે સરકારે મોટા નિર્ણયો લીધા છે.







# દિલ્હીમાં જૂના વાહનો માટે ઈંધણ નહીં: પેટ્રોલ પંપ પર ટીમો તૈનાત



(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧

આજથી, રાજધાની દિલ્હીમાં તેમની ઉંમર પૂર્ણ કરી ચૂકેલા વાહનોને પેટ્રોલ અને ડીઝલ આપવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. દિલ્હી પોલીસે એક પેટ્રોલ પંપ પરથી બે અંતિમ જીવનકાળના વાહનો જપ્ત કર્યા છે. રાજધાનીના પેટ્રોલ પંપ પર AI કેમેરા અને ટ્રાફિક પોલીસ તૈનાત કરવામાં આવ્યા છે. પરિવહન વિભાગે તેની સંસ્થા, દિલ્હી પોલીસ, ટ્રાફિક પોલીસ અને દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓને સામેલ કરીને એક ડિપ્લોયમેન્ટ પ્લાન તૈયાર કર્યો છે. ટ્રાફિક ઈન્સ્પેક્ટર અશોક કુમારે જણાવ્યું હતું કે અહીંથી બે મોટરસાયકલ જપ્ત કરવામાં આવી છે. માર્ગદર્શિકા અનુસાર, અમે આને રજિસ્ટર્ડ વાહન સ્ક્રેપરને સોંપીશું. આ પછી, વાહન માલિકને નિયમો અનુસાર સ્ક્રેપ મૂલ્ય આપવામાં આવશે.૧૫ વર્ષ જુના વાહનોને બળતણ ન આપવા અંગે, આપ નેતા સૌરભ ભારદ્વાજે કહ્યું, શું તેમની પાસે જૂના વાહનોને રોકવાનો બીજો કોઈ રસ્તો નહોતો? હવે જ્યારે ચોમાસું દિલ્હીમાં આવી ગયું છે, તો શું તેઓ કૃત્રિમ વરસાદ માટે પાયલોટ પ્રોજેક્ટ ચલાવશે? તમે (ભાજપ) નાના ખાડા ભર્યા, પણ મોટાને જેમના તેમ છોડી દીધા. તેમને સરકાર કેવી રીતે ચલાવવી તે ખબર નથી.









# સાવરકુંડલા અમરેલી રોડ બાયપાસ ચોકડી પાસે સ્કોર્પિયોને ટ્રકે ટક્કર મારી

અમરેલી, તા.૦૧

જિલ્લામાં વાહન અકસ્માતનો સિલસિલો યથાવત રહ્યો હતો. સાવરકુંડલા, અમરેલી રોડ બાયપાસ ચોકડી હાઈવે રોડ ઉપર સ્કોર્પિયોને ટ્રક ચાલકે ટક્કર મારી હતી. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે

**આરોપી ટક્કર મારી નાસી ગયો હતો**

બાબરના કોટડાપીઠા ગામે રહેતા માવજીભાઈ સવજીભાઈ વાઢેરે ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી પોતાની કાર લઈને સાવરકુંડલાથી કોટડાપીઠા જવા નીકળ્યા હતા. અમરેલી રોડ ઉપર સા.કુંડલા અમરેલી રોડ બાયપાસ ચોકડીએ આવતા મહુવા રાજુલા બાયપાસ ચોકડી તરફથી એક કન્ટેનર ટ્રક ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી આવી અમરેલી રોડ તરફ વળતા મારા હવાલાની સ્કોર્પીયો ફોરવ્હીલ ગાડીને ડ્રાઈવર સાઈડને ઠોકર મારી ગાડીની બોડીના ડ્રાઈવર સાઈડને નુકસાન કર્યુ હતું. જેમાં તેમની પત્ની જયશ્રીબેનને તથા દીકરી સંજનાને શરીરે સામાન્ય ઈજા કરી નાસી ગયો હતો.

# લાઠી અને બાબરાની આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા BLO કામગીરીમાંથી મુક્તિ આપવા આવેદનપત્ર

લાઠી, તા.૦૧



લાઠી અને બાબરા તાલુકાની આંગણવાડી કાર્યકર બહેનોએ લાઠી પ્રાંત અધિકારીને આવેદનપત્ર સુપરત કરી તેમને બૂથ લેવલ ઓફિસર (બી.એલ.ઓ.) તરીકેની કામગીરીમાંથી મુક્તિ આપવા વિનંતી કરી છે. તેમણે જણાવ્યું હતું કે તેઓ "નારી વિકાસ યાત્રા", "મમતા સેશન", અને "પોલિયો કામગીરી" જેવી અનેક મહત્વપૂર્ણ જવાબદારીઓ પહેલેથી જ નિભાવી રહી છે. આ વધારાની BLO કામગીરી તેમને માટે બોજારૂપ બની રહી છે અને તેમની મૂળભૂત આંગણવાડી સંબંધિત કામગીરીને અસર કરી રહી છે. આંગણવાડી બહેનો બાળકોના પોષણ, આરોગ્ય, શિક્ષણ તેમજ માતાઓ અને સગર્ભા બહેનોની દેખભાળ જેવી મુખ્ય જવાબદારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે BLO કામગીરીમાંથી મુક્તિની માંગ કરી રહી છે.

# સાવરકુંડલા નગરપાલિકાના ટેક્સ ઈન્સ્પેક્ટર ૩૯ વર્ષ સેવા બજાવી વય નિવૃત્ત થયા

સાવરકુંડલા,તા.૦૧



સાવરકુંડલા નગરપાલિકા કચેરીના કર્મચારી મનોજભાઈ ત્રિવેદીએ છેલ્લા ૩૯ વર્ષ જેવા લાંબા સમય માટે ફરજ બજાવીને સોમવારે વય નિવૃત્ત થયા હતા. તેઓ નગરપાલિકાના ટેકસ ઈન્સ્પેક્ટર તરીકે સતત છેલ્લા ૨૭ વર્ષથી કાર્યરત હતા. તેમણે નગરપાલિકા વિસ્તારમાં ટેકસ રીકવરીની કડક કામગીરી કરી હતી. આ તકે ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાયાવદર પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી રથ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫ની ભવ્ય ઉજવણી

અમરેલી, તા.૦૧



ભાયાવદર પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી રથ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫ કાર્યક્રમની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે વડિયાના નાયબ મામલતદાર મંગલસિકા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં લાયઝન તરીકે CRC કાળુભાઈ વાળા, ગામના સરપંચ સુરેશભાઈ કાછડિયા અને તેમની ગ્રામ પંચાયતની ટીમ, ભાયાવદર પ્રાથમિક શાળાની SMCની ટીમ, તેમજ ગામના વાલીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. બાલવાટિકામાં પ્રવેશ કરનાર બાળકોને વાવડી મંડળી તરફથી પ્રેમપૂર્વક દફતર કીટ આપવામાં આવી હતી. અંતમાં, શાળાના આચાર્ય ચંદુભાઈ સાવલિયા અને સ્ટાફ વતી હાજર રહેલા તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ધારી તાલુકાના ભાડેર ગામે સબ ટ્રાન્સફોર્મરથી શોટ લાગવાથી ભેંસનું મોત

ધારી,તા.૦૧



તસવીર : સંજય વાળા

ધારી તાલુકાના ભાડેર ગામમાં સબ ટ્રાન્સફોર્મરમાંથી શોટ લાગતા ભેંસનું તાત્કાલિક મોત થયું હતું. અચાનક સબ ટ્રાન્સફોર્મરમાં વિદ્યુત પાવર પસાર થતાં ભેંસને શોટ લાગ્યો હતો. ભેજયુક્ત વાતાવરણના કારણે વિદ્યુત પ્રવાહ સતત પસાર થતો હોવાથી કદાચ આ ઘટના બની હોવાનું માનવામાં આવે છે.

# બાબરાની સરકારી હાઈસ્કૂલમાં ધારાસભ્ય જનકભાઈની ઉપસ્થિતિમાં પ્રવેશોત્સવ યોજાયો

લાઠી, તા.૦૧



બાબરાની સરકારી કમળશી હાઈસ્કૂલમાં આજે પ્રવેશોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને શાળામાં નવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. જનકભાઈ તળાવિયાએ વિદ્યાર્થીઓને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, શિક્ષણ એ વ્યક્તિના જીવનનો પાયો છે અને કમળશી હાઈસ્કૂલ જેવા સરકારી શાળાઓ દ્વારા મળતું ગુણવત્તાયુક્ત શિક્ષણ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે અત્યંત મહત્વનું છે. આ તકે શાળા પરિસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વાલીઓ, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, અને સ્થાનિક અગ્રણીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# જિલ્લા ભાજપ પ્રમુખની હાજરીમાં ધારી તાલુકા પેન્શનર સમાજની બેઠક યોજાઈ

ધારી, તા.૦૧



ધારી તાલુકા પેન્શનર સમાજની એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારી તાલુકા પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા અને બજરંગ ગ્રુપના પ્રમુખ પરેશ પટણી જેવા અગ્રણી મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પેન્શનર સમાજ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું સાલ ઓઢાડી ભાવભેર સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પેન્શનર સમાજના પ્રમુખ ભગુભાઈ પટણી, મંત્રી વાસુદેવભાઈ દવે, એમ. બી. મહેતા અને ભીખુભાઈ કાનાણી સહિત પેન્શનર સમાજના બહોળી સંખ્યામાં સદસ્યો ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ બેઠકમાં પેન્શનર સમાજના હિત અને કલ્યાણ સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.












## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/ અરજી નં.૬૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- ગોબરભાઈ વાલાભાઈ કસોટીયા,
રે.નાળ તા. સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તકમશ્રી નાળ તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પત્નિશ્રી લાભુબેન ગોબરભાઈ કસોટીયાનું મરણ તા.૦૨/૦૬/૨૦૧૯ ના રોજ મુ.નાળ તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૫/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૦/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૩૪/૨૦૨૫ તા.૨૬/૦૬/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. મંગળાબેન નવીનચંદ્ર દોશી
રહે. ૩૦૧, ઓમ શિવમ, ઈરલા બીબીસી આઈ કોલોની
ખાદી ગ્રામ ઉદ્યોગ મીલપલેની સામે, મુંબઈ

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી નગરપાલીક કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી ચેતના નવીનચંદ્ર દોશીનો જન્મ તા.૦૭/૦૨/૧૯૬૨ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૫/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૮૮/૨૦૨૫ તા.૨૬/૦૬/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. જ્યાણી સોનલબેન હિંમતભાઈ
રહે. શક્તીકુલ વાળાનું મકાન, જેસરરોડ, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી નગરપાલિક કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી જ્યાણી સોનલબેન હિંમતભાઈનો જન્મ તા.૦૪/૧૧/૧૯૭૯ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૫/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૦૫/૨૫ તા.૦૯/૦૬/૨૦૨૫

**વિવાદી-** **શ્રી રામાણી વિઠ્ઠલભાઈ બાવાભાઈ**
**રહે. લોનકોટડા, તા. બાબરા, જિ.અમરેલી.**

- //વિરૂધ્ધ//-

**પ્રતિવાદીઃ-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી, લોનકોટડા ગ્રામ પંચાયત લોનકોટડા, તા.બાબરા, જિ.અમરેલી

### -// જાહેર નોટીસ //-

**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે. લોનકોટડા ગામના રહીશ આ કામના અરજદાર શ્રી રામાણી વિઠ્ઠલભાઈ બાવાભાઈ નો જન્મ તા.૦૨/૦૨/૧૯૫૭ ના રોજ મોજે. લોકોટડા, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૨/૦૫/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૦૪/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર બાબરા**

# ચિતલમાં ૭૦ કિલો ગૌમાંસ સાથે પકડાયેલા બે આરોપીને કોર્ટે ૧૦ વર્ષની જેલ અને દંડ ફટકાર્યો

**સરકારી વકીલ ચંદ્દેશ બી. મહેતાની ધારદાર દલીલોને આધારે ચૂકાદો...**

અમરેલી,તા.૦૧

તારીખ ૧૦/૦૭/૨૦૧૯ ના રોજ ચિતલ મુકામે ખાટકી વાડામાં અમુક ઈસમો ગેરકાયદેસર પશુઓની કતલ કરી તેના માંસનુ વેચાણ કરે છે. તેવી બાતમીના આધારે અમરેલી તાલુકા પોલીસે રેડ કરતા ૭૦ કિલો ગૌમાંસ તથા કતલ કરવાના સાધનો સાથે આરોપી (૧) કાદરભાઈ હાજીભાઈ બાવનકા તથા (૨)અલ્તાફભાઈ યુસુફભાઈ તરકવાડીયા મળી આવેલ હોય, આ અંગેનો કેસ અમરેલી સેશન્સ કોર્ટમાં ચાલી જતા સ્પેશીયલ સરકારી વકીલશ્રી ચંદ્રેશ બી. મહેતાની ધારદાર દલીલો તથા રજુ કરેલ પુરાવાઓને આધારે સેશન્સ જજ રીજવાના બુખારી દ્વારા ૧૦(દસ)



વર્ષની સજા અને રૂા. ૧,૦૦,૦૦૦/- નો દંડ અને જો આરોપી દંડની રકમના ભરપાઈ ન કરે તો વધુ ૧ વર્ષની સજા તથા કલમ-૬ (ખ) માં ૧૦(દસ)વર્ષની સજા અને રૂા. ૧,૦૦,૦૦૦/- નો દંડ અને જો આરોપી દંડની રકમના ભરપાઈ ન કરે તો વધુ ૧ વર્ષની સજા તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૨૯૫ માં ૨ વર્ષની સજા અને રૂા. ૨,૦૦૦/-નો દંડ અને દંડની રકમ ભરપાઈ ન કરે તો વધુ ૨ માસની સજા તથા કલમ-૪૨૯ માં ૧ વર્ષની સજા અને રૂા. ૧,૦૦૦/—નો દંડ અને દંડની રકમ ભરપાઈ ન કરે તો વધુ ૧ માસની સજા કરેલ છે.

# ફરિયાદનું મન દુઃખ રાખીને અમરેલીની સિવિલ હોસ્પિટલમાં હિટ એન્ડ રનની ઘટના

અમરેલી,તા.૧

અમરેલીમાં કાર ચડાવીને હત્યાના પ્રયાસનો બનાવ સામે આવ્યો છે. અગાઉના ઝઘડામાં થયેલી ફરિયાદનું મન દુઃખ રાખીને શખસે અમરેલી સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં બેફામ કાર ચલાવીને ત્રણ યુવકને અડફેટે લીધા હતા. અગાઉ સાવરકુંડલામાં રવિ વેગડા અને ભરત કેતરિયાને માથાકૂટ થઈ હતી, જે અંગે સાવરકુંડલામાં ગુનો દાખલ થયો



હતો. એ બનાવમાં ઈજાગ્રસ્ત રવિ વેગડા અને હિતેશ કેતરિયા અમરેલી સિવિલ હોસ્પિટલમાં દાખલ હતા. આ દરમિયાન ગત ૩૦ જૂનની રાત્રે રવિ વેગડા, અજય ચૌહાણ અને હિતેશ ગેલોતર અમરેલી સિવિલ હોસ્પિટલના કેમ્પસમાંથી પસાર થઈને કેન્ટીન તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન ભરત કેતરિયાનો ભાઈ જયસુખ કેરતરિયા પોતાની આઈ-૨૦ કાર નંબર **(GJ-12 DA 2565)** લઈને આવ્યો હતો અને રવિ વેગડાને મારી નાખવાના ઈરાદે ત્રણેય પર કાર ચડાવી દીધી હતી. કારની ટક્કર એટલી જોરદાર હતી કે ત્રણેય મિત્રો ફંગોળાઈને દૂર ફેંકાયા હતા. કારચાલક જયસુખ કેતરિયાએ આટલેથી ન અટકી નીચે પટકાયેલા યુવક પર કાર રિવર્સ લઈને ફરીથી ચડાવી દીધી હતી અને બાદમાં ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. આ અકસ્માતમાં અજય ચૌહાણ અને હિતેશ ગેલોતરને ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર અર્થે અમરેલી સિવિલ બાદ રાજકોટ ખસેડાયા છે.

## ધારી તાલુકાની સુખપુર પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી

ધારી,તા.૦૧



ધારી તાલુકાની સુખપુર પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી જાડેજાના હસ્તે નવા પ્રવેશ મેળવનાર બાળકોને શાળા પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે, ગામના વડીલ ભનુભાઈ સોંડીગળા દ્વારા શાળાના બાળકોને સ્કુલબેગ અને કંપાસ બોક્સ જેવી શૈક્ષણિક કીટ ભેટ આપવામાં આવી હતી. આ ઉપરાંત, તેમણે બાળકોને નાસ્તો કરાવીને પ્રોત્સાહિત કર્યા હતા, જે બદલ શાળા પરિવાર દ્વારા ભનુભાઈ સોંડીગળાને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના જન્મદિવસની જનસેવા સાથે ઉજવણી

સાવરકુંડલા,તા.૦૧

સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના જન્મદિવસની આજે તેમના ચાહકો અને સાવરકુંડલા ભાજપા પરિવાર દ્વારા અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ જન્મદિવસ નિમિત્તે જનસેવાને સમર્પિત વિવિધ સેવાકીય કાર્યોનું



આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના જન્મદિવસની ઉજવણી સેવાભાવ સાથે સિવિલ હોસ્પિટલ અને લલ્લુભાઈ શેઠ હોસ્પિટલ ખાતે દર્દીઓને ફ્રૂટ વિતરણ કરીને કરવામાં આવી હતી. આ ઉપરાંત, માનવ મંદિર આશ્રમ ખાતે નિરાધાર બાળકો માટે ભોજન સેવા પણ આપવામાં આવી હતી. આ પ્રસંગે શહેર તથા તાલુકા ભાજપના હોદ્દેદારો, નગરપાલિકાના પદાધિકારીઓ તેમજ વિવિધ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ધારાસભ્યને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

## ધારીની મનમંદિર શાળામાં સુલેખન સ્પર્ધા યોજાઈ ગઈ

ધારી,તા.૦૧



તસવીર : સંજય વાળા

ધારીના શ્રી મનમંદિર શૈક્ષણિક સંકુલ ખાતે આજે સુલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાલમંદિરથી લઈને ધોરણ-૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું સંપૂર્ણ આયોજન રાજ્યગુરુ જાનવીબેન, ગોંડલીયા શ્રુતિબેન અને રામસાહેબે કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સમગ્ર સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હોવાનું સંસ્થાના આચાર્ય વ્યાસ પ્રિયંકાબહેને જણાવ્યું હતું.

## અવસાન નોંધ

**બાબરા**

સ્વ.રતિલાલ નાનજીભાઈ સોલંકીનું તા.૨૯/૦૬/૨૦૨૫ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે મંજુલાબેનના પત્ની, ભાવેશભાઈ, રૂપેશભાઈ, દીપિબેન, કાજલબેનના પિતાશ્રી તથા વર્ષા બેનના સસરા અને હેલીબેનના દાદા તેમજ ધાર્મિક, અક્ષરના નાના થાય છે. તેમની ઉત્તરક્રિયા તા.૧૦/૦૬/૨૦૨૫ને ગુરૂવારના રોજ ઢસા ગામ મુકામે રાખેલ છે.

**ઢસા**

અ. નિ. રતિલાલ નાનજીભાઈ સોલંકીનું તા.૨૯/૦૬/૨૦૨૫ને રવિવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે. તે મંજુલાબેનના પતી, ભાવેશભાઈ, રૂપેશભાઈ, દીપિબેન, કાજલબેનના પિતાશ્રી તથા વર્ષા બેનના સસરા અને હેલી બેનના દાદા તેમજ ધાર્મિક, અક્ષરના નાના થાય છે. તેમની ઉતરક્રિયા તા.૧૦/૦૬/૨૦૨૫ને ગુરુવારના રોજ ઢસા ગામ મુકામે રાખેલ છે.

**લીલીયા મોટા**

સ્વ.ચંદ્રિકાબેન જયકૃષ્ણભાઈ આચાર્ય (ઉ.વ.૭૯)નું તા.૩૦/૦૬ના રોજ અવસાન થયેલ છે. તે કિશોરભાઈ આચાર્ય (ટી.ડી.ઓ. તાલુકા પંચાયત લીલીયામોટા)ના માતૃશ્રી તેમજ શોભનાબેન ગિરીશભાઈ વ્યાસ (બરવાળા), પ્રવિણભાઈ જયસુખભાઈ વ્યાસ (બરોડા)ના માતૃશ્રી થાય છે અને હિરક અને રૂચિતાના દાદી, મંત્રના પરદાદી થાય છે. બેસણું તા.03/07/25ના રોજ સાંજ. 3:00થી 6:00 કલાકે તેમના નિવાસ સ્થાન ઉમિયા માતાજી મંદિર લીલીયા મોટા રાખેલ છે.

## જાફરાબાદમાં ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અન્વયે માર્ગદર્શન સેમિનાર યોજાયો

અમરેલી, તા.૦૧

જાફરાબાદ નગરપાલિકા પ્રમુખ રવીનાબેન બારૈયાના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા કાયદાકીય માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં જાફરાબાદ સરકારી વિનિયન અને વાણિજ્ય કોલેજની વિદ્યાર્થિનીઓ સહિતની મહિલાઓને મહિલાલક્ષી વિવિધ યોજનાઓ, વન સ્ટોપ સેન્ટર, મહિલા સહાયતા કેન્દ્ર, અને PoSH Act ૨૦૧૩ સહિતના કાયદાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. કાર્યક્રમમાં ઉપસ્થિત બહેનોને હેન્ડબેગ અને કાયદાકીય માર્ગદર્શન પુસ્તિકાનું વિતરણ પણ કરાયું. જિલ્લા મહિલા બાળ અધિકારી કણઝારિયા અને એડવોકેટ અરવિંદભાઈ ખુમાણ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## બગસરામાં સિનિયર સિટીઝન પરિવાર દ્વારા ૨૪ વડીલોના જન્મદિવસની સામૂહિક ઉજવણી

બગસરા,તા.૦૧

બગસરામાં સિનિયર સિટીઝન પરિવાર દ્વારા દર મહિને યોજાતી અનોખી મિટિંગના ભાગરૂપે, બાલમંદિર ખાતે જૂન મહિનામાં જન્મદિવસ ધરાવતા ૨૪ જેટલા વડીલોના જન્મદિવસની એક સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

સિનિયર સિટીઝન પરિવારના પ્રમુખ નીરુબેન વેષ્ણવ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટના સંચાલક દેવચંદભાઈએ પણ હાજરી આપી હતી. આ ઉજવણીમાં તમામ વડીલોએ જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર એક સાથે ભોજનનો આનંદ માણ્યો હતો. આ સિનિયર સિટીઝન પરિવારમાં હાલ ૧૫૦ જેટલા વડીલો જોડાયેલા છે. જન્મદિવસની ઉજવણીમાં વડીલોના પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યા હતા, અને તમામ વડીલો આ પ્રસંગે ખૂબ આનંદિત થયા હતા.



તસવીર : હાર્દિક બામટા


અમરેલીના અતિ વિકસિત એવા ૪-લેન લીલીયા રોડ ઉપર

ફક્ત ૩૫ મકાનની પેક સોસાયટી

3BHK બંગલો
સેમ્પલ હાઉસ તૈયાર છે.



રાધેશ્યામ નગરી
સિમંધર સોસાયટીની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી

રૂા.૧,૮૦,૦૦૦/- ની સબસીડી મળવાપાત્ર

ઉપલબ્ધ સુવિધાઓ

● પાણી, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ તથા ૨૫-ફુટનો ઈન્ટરનલ રોડની ઉતમ સુવિધા સાથે ● સ્ટાન્ડર્ડ કંપનીના પાઈપ ફીટીંગ તથા મોડ્યુલર સ્વીચ બોર્ડ અને ઈલેક્ટ્રીક વાયરીંગ ● ટાઈટલ કલીયર અને લોનેબલ ● SBI અને બેંક ઓફ બરોડાની લોન મળવાપાત્ર

સંપર્ક: મો. ૭૦૧૬૨ ૩૦૦૨૧, ૯૭૨૩૦ ૭૪૦૮૯


### મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૦૬/૨૫ તા. /૦૬/૨૦૨૫

વિવાદી- શ્રી રામાણી વિઠ્ઠલભાઈ બાવાભાઈ
રહે. લોનકોટડા, તા. બાબરા, જિ.અમરેલી.

- //વિરૂધ્ધ//-

પ્રતિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી, લોનકોટડા ગ્રામ પંચાયત લોનકોટડા, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે. લોનકોટડા ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પુત્ર ધર્મેશભાઈ વિઠ્ઠલભાઈ રામાણી નો જન્મ તા.૧૯/૦૩/૧૯૮૫ ના રોજ મોજે. લોકોટડા, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૨/૦૫/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૦૪/૦૭/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

### //એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૯૫/૨૦૨૫

અરજદાર :- શ્રી છગનભાઈ મોહનભાઈ સિધ્ધપરા
રહે.મોટા ગોખરવાળા, તા.જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોટા ગોખરવાળા તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા ગોખરવાળા ગામમાં અરજદારશ્રી છગનભાઈ મોહનભાઈ સિધ્ધપરા તેઓના પુત્ર મહેશભાઈ છગનભાઈ સિધ્ધપુરાની જન્મ (તા.૦૨/૦૩/૧૯૮૭) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય


## જોઈએ છે

અમરેલી જીલ્લામાં એચ.આઈ.વી. ક્ષેત્રે કામ કરતી એ.ડી.એન.પી. + સંસ્થામાં "સમગ્ર" પ્રોજેક્ટ અંતર્ગત નીચે મુજબનો સ્ટાફ જોઈએ છે.

| જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | પગાર ધોરણ |
|---|---|---|
| CLH (આઉટ રીચ વર્કર) : ૦૨ | ધો. ૮ પાસ કે તે વધુ કેર એન્ડ સપોર્ટ પોગ્રામની મૂળભૂત માહિતી (એચ.આઈ.વી પોજીટીવ લોકોને પ્રાથમિકતા આપવામાં આવશે) | પગાર ૯૦૦૦ + ૫૦૦૦ ટ્રાવેલિંગ |

નોંધ : સ્વખર્ચે ઈન્ટરવ્યુંહમાં ઉપસ્થિત રહેવું.
તારીખ : ૦૯-૦૭-૨૦૨૫
રજીસ્ટ્રેશન : સવારે ૧૦ કલાક થી ૧૧ કલાક
સ્થળ : એ. ડી. એન. પી. + સમગ્ર (વિહાન) પ્રોજેક્ટ,
પરેશભાઈ આચાર્ય ઓફિસની ઉપર,
સિવિલ હોસ્પિટલની બાજુમાં,અમરેલી
સંપર્ક સૂત્ર : ૦૨૭૯૨-૨૩૨૪૩૧


### //એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૮૭/૨૦૨૫

અરજદાર :- શ્રી વાલજીભાઈ મનજીભાઈ સાંગાણી
રહે. નાના ગોખરવાળા, તા.જી.અમરેલી.
વિરૂધ્ધ
સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. નાના ગોખરવાળા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના નાના ગોખરવાળા ગામમાં અરજદારશ્રી વાલજીભાઈ મનજીભાઈ સાંગાણી તેઓના ભત્રીજા ઘનશ્યામભાઈ ગોવિંદભાઈ સાંગાણી ની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

### //એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૬૪/૨૦૨૫

અરજદાર :- શ્રી હંસાબેન ભીખાભાઈ ચાવડા w\o ગોવિંદભાઈ વિરજીભાઈ બારડ
રે.ઠે. લીલીયા રોડ, શ્યામવાડી, અમરેલી, તા.જી.અમરેલી.
વિરૂધ્ધ
સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ફતેપુર, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ફતેપુર ગામમાં અરજદારશ્રી હંસાબેન ભીખાભાઈ ચાવડા w\o ગોવિંદભાઈ વિરજીભાઈ બારડ તેઓના નાનાભાઈ મનસુખભાઈ ઉર્ફે મનુભાઈ ભીખાભાઈ ચાવડા ની જન્મ (તા.૨૨/૦૨/૧૯૬૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૮/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

### //એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૮૪/૨૦૨૫

અરજદાર :- શ્રી સોનીબેન ઉર્ફે રસિલાબેન લાલજીભાઈ ગંગલ તે આણંદભાઈ મકવાણાના પત્ની
રહે. વિઠલપુર, તા.જિ.અમરેલી.
અરજદારના વકીલ દિનેશ એચ. માધડ
વિરૂધ્ધ
સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. કાઠમા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના કાઠમા ગામમાં અરજદારશ્રી સોનીબેન ઉર્ફે રસિલાબેન લાલજીભાઈ ગંગલ તે આણંદભાઈ મકવાણાના પત્નીએ તેઓની પોતાની જન્મ (તા.૦૩/૦૩/૧૯૭૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

### //એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૧૦૨/૨૦૨૫

અરજદાર :- શ્રી ભીખાભાઈ હામાભાઈ માધડ
રહે. મોટા આંકડીયા, તા.જિ.અમરેલી.
અરજદારના વકીલ દિનેશ એચ. માધડ
વિરૂધ્ધ
સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોટા આંકડીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામમાં અરજદારશ્રી ભીખાભાઈ હામાભાઈ માધડએ તેઓની પોતાની જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૮) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

તંત્રી લેખ

# શાંતિના દૂત : દલાઈ લામા

વિશ્વના શાંતિદૂત દલાઈ લામા હવે નવા વારસદાર નિમાવવા માંગે છે. પરંતુ ચાઈના તિબેટમાં પોતાની વ્યક્તિને ધાર્મિક વડાની ગાદી પર બેસાડવા માંગે છે. તિબેટના ધાર્મિક વડા તરીકે ધર્મગુરુ તરીકેની લાયકાત ધરાવતા હોય તેવી વ્યક્તિ જ બેસી શકે પરંતુ ચાઈના અહીં કોઈ રાજકીય પ્રતિનિધિને ધાર્મિક વડા તરીકે નીમવા માગે છે. જેનો જબરજસ્ત વિરોધ તિબેટમાં થઈ રહ્યો છે. આવી વિવાદ હવે વકરી રહ્યો છે.દલાઈ લામા માત્ર એક ધાર્મિક નેતા નથી, પણ શાંતિ, કરુણા અને અહિંસાના વૈશ્વિક પ્રતીક છે. ૬ જુલાઈ, ૧૯૩૫ના રોજ તિબેટમાં જન્મેલા, તેમનું મૂળ નામ તેન્ઝિન ગ્યાત્સો છે. તેઓ ૧૪મા દલાઈ લામા છે. 'દલાઈ' એટલે 'મહાસાગર' અને 'લામા' એટલે 'ગુરુ'. આ રીતે, 'દલાઈ લામા'નો અર્થ 'શાણપણના મહાસાગર' થાય છે. વર્ષ ૧૯૫૦માં ચીને તિબેટ પર કબજો જમાવી લીધો. ચીનના કમ્યુનિસ્ટ શાસન સામે તિબેટીયન લોકોના સંઘર્ષને કારણે, ૧૯૫૯માં દલાઈ લામાને તિબેટ છોડીને ભારત આવવું પડ્યું. ભારતે તેમને શરણ આપી, જે ચીન સાથેના સંબંધોમાં તણાવનું કારણ બન્યું. ત્યારથી, તેઓ હિમાચલ પ્રદેશના ધર્મશાલામાં રહે છે અને ત્યાંથી તિબેટીયન શરણાર્થી સરકાર ચલાવે છે. તેઓ શાંતિ અને અહિંસાના પુરસ્કર્તા છે. દલાઈ લામાએ હંમેશા અહિંસા અને વાતચીતના માર્ગે જ તિબેટના પ્રશ્નનો ઉકેલ લાવવાનો પ્રયાસ કર્યો છે. તેમના શાંતિપૂર્ણ પ્રયાસોને બિરદાવવા માટે, તેમને ૧૯૮૯માં નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. તેઓ વિશ્વભરમાં બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોનો પ્રચાર કરે છે અને આધુનિક વિજ્ઞાન, પર્યાવરણ અને માનવતાવાદ જેવા વિષયો પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. દલાઈ લામાના ઉત્તરાધિકારીનો પ્રશ્ન ઉપસ્થિત થયો છે.હાલમાં, દલાઈ લામાની ઉંમર ૯૦ વર્ષની થવા આવી છે, તેથી તેમના પછીના દલાઈ લામા (ઉત્તરાધિકારી) કોણ હશે તે એક મોટો પ્રશ્ન છે. બૌદ્ધ પરંપરા અનુસાર, દલાઈ લામાના અવસાન પછી, એક ખાસ પ્રક્રિયા દ્વારા તેમના આત્માના પુનર્જન્મની શોધ કરવામાં આવે છે. જોકે, ચીન આ પ્રક્રિયામાં દખલગીરી કરવા માંગે છે. ચીન પોતાના દ્વારા પસંદ કરાયેલા દલાઈ લામાને માન્યતા આપવા માંગે છે, જેથી તિબેટ પર તેનો પ્રભાવ જળવાઈ રહે. પરંતુ દલાઈ લામાએ સ્પષ્ટ કહ્યું છે કે તેમનો ઉત્તરાધિકારી ચીનના શાસન હેઠળના કોઈ વિસ્તારમાંથી નહીં હોય. તેઓ ઈચ્છે છે કે તેમનો ઉત્તરાધિકારી મુક્ત વિશ્વમાંથી આવે. તિબેટીયન લોકો પણ માત્ર દલાઈ લામા દ્વારા સૂચવવામાં આવેલા નામને જ સ્વીકારશે. ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ઐતિહાસિક રીતે તિબેટ એક સ્વતંત્ર પ્રદેશ તરીકે ઓળખાતો હતો. પરંતુ, ૧૯૫૦માં ચીને તિબેટ પર આક્રમણ કરીને તેના પર નિયંત્રણ સ્થાપિત કર્યું. ચીન તેને "શાંતિપૂર્ણ મુક્તિ" કહે છે, જ્યારે તિબેટીયન લોકો તેને આક્રમણ માને છે.ચીનના શાસન હેઠળ તિબેટમાં બૌદ્ધ ધર્મીઓ અને તિબેટીયન સંસ્કૃતિ પર અત્યાચાર વધવા લાગ્યા. ૧૯૫૯માં, ચીની શાસન સામે તિબેટમાં નિષ્ફળ બળવો થયો. આ ઘટના બાદ, ૧૪મા દલાઈ લામા, તેન્ઝિન ગ્યાત્સો, હજારો અનુયાયીઓ સાથે ભાગીને ભારતમાં આશ્રય લેવા આવ્યા. ભારતે તેમને આશ્રય આપ્યો અને ત્યારથી તેઓ હિમાચલ પ્રદેશના ધર્મશાળામાં તિબેટીયન નિર્વાસિત સરકારનું સંચાલન કરી રહ્યા છે. વર્તમાન પરિસ્થિતિ વર્ષોથી ચીન અને દલાઈ લામા વચ્ચેનો સંઘર્ષ ચાલુ છે. ચીન તિબેટમાં સાંસ્કૃતિક ઓળખ ભુંસવાનો પ્રયાસ કરે છે, જેમાં શાળાઓ બંધ કરવી અને બૌદ્ધ મંદિરો પર નિયંત્રણ સ્થાપિત કરવું જેવા પગલાંઓનો સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણા દેશો, ખાસ કરીને અમેરિકા, તિબેટના લોકોના માનવ અધિકારો અને આત્મનિર્ણયના અધિકારનું સમર્થન કરે છે. અમેરિકાએ "રિઝોલ્વ તિબેટ એક્ટ" જેવા કાયદાઓ પણ પસાર કર્યા છે, જે ચીનને દલાઈ લામા સાથે વાતચીત કરવા માટે દબાણ કરે છે. આમ, દલાઈ લામા અને ચીન વચ્ચેનો સંબંધ તિબેટના ભવિષ્ય, તેના આધ્યાત્મિક અને રાજકીય નેતૃત્વ, અને આંતરરાષ્ટ્રીય રાજકારણનું એક મુખ્ય પાસું છે.

એક બીજા જાનથી મારવાની ધમકી આપી

# સાવરકુંડલામાં દુકાન પાસે બેસવાની ના પાડ્યાના મનદુખમાં દંપતિ પર હુમલો

બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી

સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલામાં દુકાન પાસે બેસવાની ના પાડ્યાના મનદુખમાં હુમલો થયો હતો. બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી. અસ્મિતાબેન ભરતભાઈ ખેતરીયા (ઉ.વ.૩૬) એ મુકંદભાઈ ભરતભાઈ હેલૈયા, વિશાલ ભરતભાઈ હેલૈયા, રવિભાઈ મંગાભાઈ વેગડા, મયુરભાઈ રમેશભાઈ મારૂ, મિલનભાઈ કિશોરભાઈ મકવાણા, રાજવીરભાઈ ઉમેશભાઈ ખીમસુરીયા તથા ભરતભાઈ હેલૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના સંબંધીની કરીયાણાની દુકાન પાસે અગાઉ આરોપી મુકુંદભાઈ હેલૈયા તથા રવિભાઈ મંગાભાઈ વેગડાને બેસવાની ના પાડી હતી. આ બાબતનુ મનદુઃખ રાખી આરોપીઓએ એકસંપ કરી ગેરકાયદે મંડળી રચી સમાન ઈરાદો પાર પાડવા સારૂ પ્રાણઘાતક હથિયારો લઈ માર માર્યો હતો. તેમના પતિ તથા સાહેદને ગાળો આપતા તેમણે ગાળો આપવાની ના પાડતા ઉશ્કેરાઈ જઈ તેના પતિના મોઢાના ભાગે ડાબી બાજુ હોઠ ઉપર છરીનો એક ઘા મારી ઈજા કરી તેમજ ઈંટ તથા પથ્થર હાથમાં લઈ માથાના ભાગે મારી મુંઢ ઈજા કરી હતી. આરોપીઓએ જતા જતા તેમને તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ રવિભાઈ મંગાભાઈ વેગડા (ઉ.વ.૨૭)એ ભરતભાઈ ખેતરીયા, તેમના પત્ની સહિત પાંચ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને ભરતભાઈ ખેતરીયાએ પોતાના સંબંધી પ્રેમજીભાઈની દુકાન પાસે બેસવાની ના પાડી હતી. તેમ છતા બેસતા હોવાથી સારૂ નહોતું લાગ્યું. જેથી આરોપીઓએ એકસંપ કરી સમાન ઈરાદો પાર પાડવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી હુમલો કરીને મુંઢ ઈજા કરી હતી. આરોપીઓએ તેમને જેમફાવે તેમ ગાળો દઈ ઢીકાપાટુનો મુંઢમાર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે જી બગડા વધુ તપાસ કરી રહ્યા છે.

# ગોંડલ શહેરમાં વહેલી સવારે વરસાદી ઝાપટાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી

ગોંડલ, તા.૧

ગોંડલ શહેરમાં ગત રોજ વહેલી સવારથી જ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન હળવાથી ભારે વરસાદી ઝાપટા વરસતા દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો. બપોર બાદ સતત ધીમીધારે વરસાદ વરસતા શહેરના રાજમાર્ગો પર વરસાદી પાણી વહેતા થયા હતા. દિવસભર વરસાદી માહોલને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. ખેડૂતો ખુશખુશાલ જોવા મળ્યા હતા.

# રીસામણે ગયેલી પત્નીને તેડવા ગયેલા પતિને સસરાએ ઘર જમાઈ તરીકે રહેવાનું કહેતા ફિનાઈલના ટિકડા પીધા

લાઠીના બાઈ દુધાળા ગામે બનાવ બન્યો

લાઠી, તા.૧

લાઠીના બાઈ દુધાળા ગામે એક ચોંકવાનારો બનાવ બન્યો હતો. રીસામણે ગયેલી પત્નીને તેડવા ગયેલા પતિને સસરાએ ઘર જમાઈ તરીકે રહેવાનું કહેતા લાગી આવ્યું હતું. જેથી તેણે ફિનાઈલના ટિકડા પીધા હતા. બનાવ અંગે કુમારભાઈ મધુભાઈ ગોહીલ (ઉ.વ.૨૭) એ જાહેર કર્યા મુજબ, ભોગ બનનારાના પત્ની તેમના માવતરે હતા. જેથી ભોગ બનનાર તેના પત્નીને તેડવા ગયા ત્યારે સસરાએ તેની સાથે મોકલી નહોતીઅને ઘર જમાઈ બનીને રહેવા કહ્યું હતું. જેથી તેમને ચિંતા થવા લાગી હતી કે મારા સસરા મારા પત્નીને મોકલશે નહીં અને મારે ઘર જમાઈ તરીકે રહેવું પડશે. આ બાબતનું લાગી આવતાં તેમણે પોતાના ઘરે ફિનાઈલના ટિકડા પી લીધા હતા. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી એલ ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરની આંસોદર પ્રા. શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

દામનગર, તા.૧



દામનગરના આસોદર ગામે હું છું પર્યાવરણ સંરક્ષક કાર્યક્રમ અન્વયે વરસાદી માહોલ વચ્ચે એક બાળ એક ઝાડ અંતર્ગત શાળા પરીસર અને ગામતળની આસપાસના વિસ્તારોમાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનોના હસ્તે આ કાર્યક્રમ અનોખી રીતે ઉજવાયો હતો. ગ્રામજનો તરફથી રીક્ષા ભરીને રોપાઓ લાવી આપવામાં આવ્યા હતા. સહિયારા પ્રયાસથી જે બાળકોનું શાળામાં નવું નામાંકન થયેલ છે તે વાલીના હસ્તે પણ જવાબદારી સાથે વૃક્ષારોપણ કરાવવામાં આવ્યું હતું.

# પોલીસે અમરેલી જિલ્લામાં ત્રણ સ્થળેથી ૧૨ શકુની ઝડપયા

અમરેલી, તા.૧

અમરેલી જિલ્લામાંથી પોલીસે ત્રણ સ્થળેથી ૧૨ જુગારીને તીનપત્તી રમતાં ઝડપી પાડ્યા હતા. પોલીસે ત્રણેય સ્થળેથી ૨૩ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી. સાવરકુંડલાના હીપાવડલી ગામે લટુરીયા હનુમાનજી આશ્રમથી થોડે દુર આવેલ નદીના પટમાંથી મોટા ભમોદ્રાના બાબુભાઈ બાલાભાઈ મકવાણા, સુરેશભાઈ કાનાભાઈ નાગર, જયસુખભાઈ શામજીભાઈ કલાણીયા તથા ગારિયાધારના અનુભાઈ બાલુભાઈ ઝાલા ગંજીપત્તાના પાના વડે તીન પત્તીનો જુગાર રમતાં રોકડા ૧૦,૨૦૦ સાથે ઝડપાયા હતા. સાવરકુંડલામાં શિવાજીનંગર લખુબાપુની વાડી પાસેથી બટુકભાઈ નાનજીભાઈ સોલંકી, અશોકભાઈ શામજીભાઈ પરમાર, દીનેશભાઈ નારણભાઈ મકવાણા તથા મનસુખભાઈ નારણભાઈ મકવાણા હારજીતનો જુગાર રમતાં રોકડા ૧૦,૧૩૦ સાથે પકડાયા હતા. લીલીયાના આંબા ગામમાં આપાગીગાના મંદિર પાછળથી કાળુભાઈ રવજીભાઈ સોલંકી, રવિભાઈ ધીરૂભાઈ મકવાણા, પ્રવિણભાઈ મગનભાઈ પંચાળા તથા ભુપતભાઈ મગનભાઈ પંચાળા જાહેરમાં જુગાર રમતાં રેઈડ દરમિયાન રોકડા ૨૮૮૦ સાથે પકડાયા હતા.

# અમરેલી - ધારીમાં સોના-ચાંદીની દુકાનમાં સીસીટીવી ન રાખતાં બે માલિકો સામે કાર્યવાહી

અમરેલી, તા.૧

અમરેલી તથા ધારીમાં સોના-ચાંદીની દુકાનમાં સીસીટીવી ન રાખતાં બે માલિકો સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસની આ કાર્યવાહીથી દુકાનમાં સીસીટીવી ન રાખતાં વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો. કિશનભાઈ પ્રફુલભાઈ રાજપરા સામે દાણા બજાર, ટાવર પાસે આવેલી કિશન જ્વેલર્સ નામની દુકાનમાં સીસીટીવી નહોતા લગાવ્યા. જેથી અમરેલી એસઓજી દ્વારા જાહેરનામા ભંગની કાર્યવાહી કરવામાં આવી હતી. ધારી મેઈન બજાર પાસે આવેલી શ્રીનાથજી જ્વેલર્સ નામની દુકાને ચેકિંગ દરમિયાન સીસીટીવી કેમેરા જોવા મળ્યા નહોતા. જેથી માલિક કેયુરભાઈ મહેશભાઈ માંડલીયા સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ચલાલામાં દાનબાપુની જગ્યા પાસે સોનીની દુકાન ધરાવતાં દર્શનભાઈ બિપીનભાઈ સોની સામે દુકાનમાં સીસીટીવી નહીં લગાવવા બદલ કાર્યવાહી કરવામાં આવી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૬૬૪ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૪૯૪ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૮૦૨ |
| જુવાર લાલ | ૭૦૦ | ૭૭૫ |
| જુવાર પીળી | ૩૦૦ | ૪૨૫ |
| બાજરી | ૩૫૦ | ૪૨૯ |
| તુવેર | ૧૦૭૦ | ૧૩૫૧ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૧૧૧ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૨૦૨૦ |
| અડદ | ૧૧૯૦ | ૧૪૩૦ |
| મગ | ૧૨૫૦ | ૧૬૨૫ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૧૬૪ |
| ચોળી | ૧૨૫૦ | ૧૮૫૦ |
| વટાણા | ૧૪૫૦ | ૨૧૯૯ |
| કળથી | ૯૩૬ | ૯૩૬ |
| રાજમા | ૪૦૦ | ૧૩૦૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૧૬૦ |
| મગફળી જીણી | ૯૬૦ | ૧૧૮૦ |
| તલી | ૧૫૫૦ | ૨૦૧૮ |
| એરંડા | ૧૨૬૮ | ૧૩૩૭ |
| અજમો | ૮૧૫ | ૧૪૫૦ |
| સુવા | ૯૬૦ | ૧૨૪૦ |
| સોયાબીન | ૮૧૦ | ૮૨૫ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૫૦ |
| કાળા તલ | ૨૭૨૫ | ૩૫૪૦ |
| લસણ | ૮૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૨૩૦ | ૧૩૭૪ |
| ધાણી | ૧૨૫૦ | ૧૩૮૦ |
| વરીયાળી | ૮૦૦ | ૧૨૯૨ |
| જીરૂ | ૩૫૬૦ | ૪૦૧૧ |
| રાય | ૧૧૬૦ | ૧૪૦૦ |
| મેથી | ૮૧૦ | ૧૨૭૦ |
| ઇસબગુલ | ૭૦૦ | ૧૫૫૦ |
| રાયડો | ૧૧૭૦ | ૧૨૩૦ |
| રજકાનું બી | ૪૩૫૦ | ૫૭૩૦ |
| ગુવારનું બી | ૯૫૦ | ૯૮૫ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૪૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૫૦૦ |
| બટેટા | ૧૮૦ | ૩૭૧ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૧૦ |
| ટમેટા | ૪૦૦ | ૬૫૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૨૦૦ | ૧૮૦૦ |
| રીંગણા | ૫૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ટીંડોળા | ૫૦૦ | ૧૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૫૫૦ |
| કારેલા | ૬૦૦ | ૮૫૦ |
| સરગવો | ૨૫૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૮૫૦ | ૧૨૩૦ |
| પરવર | ૫૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૬૦૦ | ૧૦૫૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| ગલકા | ૪૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૫૦ |
| મેથી | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૭૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૪૦૦ |

### અમરેલી

| | | |
|---|---|---|
| કપાસ | ૯૮૦ | ૧૬૬૬ |
| શિંગ ૬૬ નં | ૯૧૨ | ૯૧૨ |
| શિંગ મોટી | ૮૪૦ | ૧૧૦૦ |
| શિંગ દાણા | ૧૨૮૫ | ૧૫૧૫ |
| શિંગ ફાડા | ૧૧૦૦ | ૧૪૫૧ |
| તલ સફેદ | ૧૧૦૫ | ૨૨૭૦ |
| તલ કાળા | ૨૧૦૦ | ૩૩૯૫ |
| તલ કાશ્મીરી | ૧૪૦૦ | ૨૨૯૨ |
| બાજરો | ૩૦૦ | ૪૪૧ |
| જુવાર | ૩૩૮ | ૬૫૦ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૪૪ |
| ઘઉં લોકવન | ૪૫૮ | ૫૫૦ |
| મગ | ૧૨૦૦ | ૧૩૭૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૩૧૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૨૨ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૦૯૦ |
| તુવેર | ૯૭૫ | ૧૨૪૫ |
| એરંડા | ૮૦૦ | ૧૩૦૩ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૭૦૦ |
| રાયડો | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ધાણી | ૧૦૦૦ | ૧૩૧૩ |
| મેથી | ૭૦૦ | ૭૭૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૪૩ |
| કાંગ | ૨૦૦ | ૩૯૦ |
| છોલે ચણા | ૧૧૦૦ | ૧૪૬૦ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૦૯૦ |
| ચણા દેશી | ૧૦૩૦ | ૧૧૪૨ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૯૦ | ૩૦૦ |
| રીંગણા | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૮૦૦ |
| કોબીઝ | ૩૨૦ | ૪૦૦ |
| શક્કરીયા | ૭૦૦ | ૮૫૦ |
| ટમેટાં | ૫૫૦ | ૭૦૦ |
| સુરણ | ૧૨૫૦ | ૧૪૫૦ |
| ગાજર | ૫૦૦ | ૭૦૦ |
| દુધી | ૫૦૦ | ૬૦૦ |
| કારેલા | ૯૦૦ | ૧૧૫૦ |
| ગલકા | ૭૫૦ | ૯૫૦ |
| કાકડી | ૬૫૦ | ૭૩૦ |
| ગુવાર | ૧૬૦૦ | ૧૮૦૦ |
| વટાણાં | ૨૦૦૦ | ૨૪૦૦ |
| ચોળાલીલાં | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૧૫૦૦ | ૧૮૦૦ |
| મેથીભાજી | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૫૦ |
| બીટ | ૩૦૦ | ૪૮૦ |
| સરગવો | ૯૩૦ | ૧૦૫૦ |
| લીમડો મીઠો | ૧૨૦ | ૧૪૦ |
| મરચાં લીલા | ૮૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૦૦ |
| લસણ સુકુ | ૧૫૩૦ | ૨૦૩૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૩૦૦ | ૪૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| શીંગ ઓળા | ૭૦૦ | ૮૦૦ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૯૦૧ | ૧૬૨૧ |
| ઘઉં લોકવન | ૪૭૪ | ૫૨૪ |
| ઘઉં ટુકડા | ૪૭૮ | ૫૩૨ |
| મગફળી જીણી | ૮૦૧ | ૧૦૬૬ |
| સિંગદાણા જાડા | ૧૩૨૧ | ૧૬૧૧ |
| સિંગ ફાડીયા | ૯૦૧ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૧૧૯૧ | ૧૨૫૧ |
| જીરૂ | ૨૬૦૧ | ૩૯૯૧ |
| ક્લંજી | ૧૨૦૦ | ૩૭૮૧ |
| ધાણા | ૯૫૧ | ૧૪૨૧ |
| લસણ સુકું | ૬૧૧ | ૧૨૭૧ |
| ડુંગળી લાલ | ૧૩૬ | ૩૧૬ |
| અડદ | ૯૫૧ | ૧૪૦૧ |
| તુવેર | ૪૫૦ | ૧૩૩૧ |
| મેથી | ૫૦૧ | ૮૯૧ |
| કાંગ | ૩૦૧ | ૬૦૧ |
| મગફળી જાડી | ૭૦૧ | ૧૨૧૧ |
| સફેદ ચણા | ૧૦૯૬ | ૨૦૦૧ |
| મગફળી નવી | ૮૩૧ | ૧૧૯૬ |
| તલ - તલી | ૧૩૭૬ | ૨૧૬૧ |
| ધાણી | ૧૦૫૧ | ૧૫૬૧ |
| ડુંગળી સફેદ | ૧૩૧ | ૨૮૬ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૫૦૧ | ૯૧૧ |
| મકાઇ | ૩૫૧ | ૪૫૧ |
| મગ | ૧૨૧૧ | ૧૫૮૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૦૧ |
| વાલ | ૫૦૧ | ૮૦૧ |
| ચોળા / ચોળી | ૧૦૦૧ | ૧૭૬૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૫૧ |
| અજમાં | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ગોગળી | ૬૨૧ | ૧૦૫૦ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૩૧ | ૧૬૧૧ |
| ઘઉં લોકવન | ૪૮૮ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૫૬ |
| મગફળી જીણી | ૮૫૧ | ૧૦૬૬ |
| સિંગદાણા જાડા | ૧૨૪૧ | ૧૬૧૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૫૧ |
| એરંડા / એરંડી | ૧૧૫૧ | ૧૩૫૬ |
| જીરૂ | ૨૦૫૧ | ૪૦૭૧ |
| ક્લંજી | ૩૭૧૧ | ૪૦૫૧ |
| ધાણા | ૯૫૧ | ૧૪૭૧ |
| લસણ સુકું | ૬૧૧ | ૧૨૪૧ |
| ડુંગળી લાલ | ૮૬ | ૨૮૧ |
| અડદ | ૭૫૧ | ૧૪૦૧ |
| મઠ | ૩૫૧ | ૩૫૧ |
| તુવેર | ૫૫૧ | ૧૩૩૧ |
| રાય | ૧૨૩૧ | ૧૨૩૧ |
| મેથી | ૫૦૧ | ૯૦૧ |
| સુવાદાણા | ૧૦૧૧ | ૧૦૧૧ |
| કાંગ | ૨૫૧ | ૬૩૧ |
| મગફળી જાડી | ૭૩૧ | ૧૨૨૬ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૯૪૧ |
| મગફળી નવી | ૬૩૧ | ૧૨૪૬ |
| તલ - તલી | ૧૪૦૧ | ૨૧૮૧ |
| ધાણી | ૧૦૫૧ | ૧૬૧૬ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૧૭૧ |
| બાજરો | ૩૦૧ | ૪૬૧ |
| જુવાર | ૪૦૧ | ૭૫૧ |
| મકાઇ | ૪૦૧ | ૫૩૧ |
| મગ | ૧૨૦૧ | ૧૪૪૧ |
| ચણા | ૧૦૨૧ | ૧૧૨૧ |
| વાલ | ૫૦૧ | ૧૧૨૧ |
| ચોળા / ચોળી | ૮૧૧ | ૧૭૨૧ |
| સોયાબીન | ૬૭૧ | ૮૨૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૧૭૧ |
| વટાણા | ૧૦૦૧ | ૧૧૨૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૮૦ | ૫૦૦ |
| દુધી | ૧૮૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૨૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૩૦૦ | ૮૦૦ |
| ગાજર | ૩૦૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૫૦૦ | ૮૦૦ |
| વટાણા | ૨૨૦૦ | ૩૦૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૨૪૦ | ૩૨૦ |
| લીલી હળદર | ૨૦૦૦ | ૨૪૦૦ |
| ડુંગળી પુરા | ૨૦ | ૩૦ |
| તાંજરીયા પુરા | ૮ | ૧૪ |
| કોથમીર પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૪ | ૭ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| પચકારુ | ૩૦૦ | ૫૦૦ |
| [illegible] | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૫૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૩ | ૨૦ |
| બીટ પુરા | ૫ | ૨૦ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૩૮૦ | ૨૦૦૦ |
| કારેલા | ૩૦૦ | ૧૪૦૦ |
| મગફળી લીલી | ૭૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૪૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૪૦ |
| પાલક પુરા | ૮ | ૧૪ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૬૬૦ | ૯૬૦ |
| ઘઉં લોકવન | ૪૪૧ | ૫૦૫ |
| ચણા | ૧૦૨૫ | ૧૦૯૫ |
| શીંગ દાણા | ૧૨૦૦ | ૧૩૧૧ |
| સોયાબીન | ૭૭૦ | ૭૮૬ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૫૦૦ |
| તલ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૦૫૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૦ | ૧૪૮૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૪૯૫ |
| ચણા | ૭૦૦ | ૧૦૮૧ |
| ધાણા | ૯૦૦ | ૧૨૪૦ |
| શીંગ ફાડા | ૧૨૯૦ | ૧૩૦૦ |
| મગફળી | ૮૫૫ | ૯૩૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૬૦ |
| સોયાબીન | ૬૬૫ | ૭૯૦ |
| મગ | ૧૦૫૦ | ૧૩૬૦ |
| તુવેર | ૮૫૦ | ૧૨૮૫ |
| શીંગ દાણા | ૧૩૦૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૦૦૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| મેથી | ૭૩૦ | ૭૩૦ |
| ડુંગળી | ૧૦૦ | ૧૦૦ |
| મકાઈ | ૨૭૫ | ૪૯૫ |
| વાલ | ૫૦૦ | ૫૦૦ |
| રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૫૫૦ | ૧૬૬૯ |
| કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૫૦ |
| મગફળી | ૧૦૩૦ | ૧૦૮૦ |
| જીરૂ | ૨૮૨૫ | ૩૬૩૫ |
| ઘઉં | ૪૮૦ | ૫૨૦ |
| તલ સફેદ | ૧૫૯૦ | ૧૯૪૦ |
| તલ કાળા | ૨૫૩૦ | ૨૬૮૦ |
| ચણા | ૧૦૬૦ | ૧૧૦૦ |
| મગ | ૧૨૫૦ | ૧૩૦૫ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૪૦૦ | ૧૫૦૦ |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૭૦ |
| શીંગ મોટી | ૧૦૩૦ | ૧૧૦૦ |
| શીંગ ઉનાળુ | ૧૦૫૦ | ૧૨૩૧ |
| શીંગ દાણા | ૧૩૦૦ | ૧૪૪૦ |
| તલ | ૧૬૦૦ | ૨૧૬૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૧૫૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૬૩૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૩ |
| બાજરો | ૩૦૦ | ૪૫૦ |
| જુવાર | ૪૦૦ | ૮૧૦ |
| મગ | ૧૦૦૦ | ૧૩૮૦ |
| અડદ | ૬૦૦ | ૯૦૦ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૯૦૧ | ૧૦૨૦ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૨૦૨૧ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૭૧ |
| બાજરો | ૩૨૦ | ૪૮૪ |
| ઘઉં ટુકડા | ૪૪૬ | ૫૧૧ |
| જુવાર | ૩૫૦ | ૮૪૦ |
| મગ | ૧૦૨૦ | ૧૩૯૩ |
| ચણા | ૧૦૦૨ | ૧૧૪૦ |
| ધાણા | ૯૫૦ | ૯૫૦ |
| સોયાબીન | ૬૭૬ | ૮૦૦ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| રાય | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ચોળી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| અજમા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| જીરૂ | ૩૫૬૦ | ૩૫૬૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૫૦ | ૧૧૧૦ |
| મગફળી ૩૨ નં. | ૯૨૫ | ૧૦૫૬ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૧૧ |
| ઘઉં | ૪૫૦ | ૫૪૦ |
| જુવાર | ૫૫૦ | ૭૬૪ |
| ચોળી | ૮૫૦ | ૧૮૪૦ |
| અડદ | ૧૩૧૧ | ૧૩૯૬ |
| મગ | ૧૧૮૦ | ૧૭૯૬ |
| ચણા | ૧૦૩૦ | ૧૦૯૮ |
| સફેદ તલ | ૧૨૨૦ | ૧૭૪૦ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૪૫૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૨૪ |
| સીંગદાણા | ૧૨૧૧ | ૧૬૧૮ |
| કાંગ | ૩૫૦ | ૪૩૫ |
| રજકો | ૩૦૦૦ | ૪૫૦૦ |
| મગફળી નવી | ૯૦૦ | ૧૦૫૨ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૯૫૧ | ૧૬૩૧ |
| ઘઉં | ૩૫૧ | ૫૩૧ |
| મગ | ૧૦૦૧ | ૧૪૫૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૮૧ |
| તુવેર | ૮૦૧ | ૧૨૮૧ |
| મગફળી | ૭૦૧ | ૯૭૬ |
| શિંગ દાણા | ૧૩૦૧ | ૧૯૯૧ |
| શિંગ ફાડા | ૧૧૦૦ | ૧૩૦૧ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૯૬ |
| ધાણા | ૭૫૧ | ૧૨૦૧ |
| સોયાબીન | ૬૦૧ | ૭૯૧ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ નવી | ૧૦૦૦ | ૧૨૭૯ |
| શીંગ ૩૨ | ૧૦૨૫ | ૧૦૫૪ |
| શીંગ જી-૨૦ | ૯૭૧ | ૧૦૭૩ |
| જુવાર | ૩૦૦ | ૮૦૦ |
| બાજરી | ૩૫૧ | ૫૬૧ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૬૯ |
| મકાઈ | ૩૯૮ | ૩૯૮ |
| અડદ | ૭૨૦ | ૧૩૬૫ |
| મગ | ૯૧૮ | ૧૪૨૪ |
| સોયાબીન | ૭૪૮ | ૭૭૮ |
| મેથી | ૮૦૦ | ૯૩૬ |
| ચણા | ૯૦૦ | ૧૧૧૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૦૫૧ |
| તલ કાળા | ૧૪૦૦ | ૩૩૭૬ |
| તુવેર | ૪૨૦ | ૧૧૦૦ |
| ડુંગળી લાલ | ૧૨૧ | ૩૩૫ |
| ડુંગળી સફેદ | ૧૩૨ | ૨૮૨ |
| કપાસ શંકર | ૮૨૫ | ૧૫૦૯ |
| નાળીયેર | ૬૯૦ | ૨૯૦૦ |


### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૭૦૦ | ૭૭૦ |
| બાજરો | ૩૫૦ | ૪૨૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૬ |
| મગ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| અડદ | ૧૨૩૦ | ૧૩૬૦ |
| ચોળી | ૫૦૦ | ૭૩૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૫ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૯૫ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૨૧૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૩૧૫ |
| તલ | ૧૭૦૦ | ૨૧૦૦ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૪૦૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૯૫ |
| લસણ | ૫૨૫ | ૧૦૩૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૮૦ |
| અજમો | ૯૦૫ | ૨૭૭૫ |
| ધાણા | ૯૨૦ | ૧૩૩૫ |
| ધાણી | ૧૧૦૦ | ૧૩૯૫ |
| ડુંગળી સૂકી | ૫૦ | ૨૮૫ |



લાગે તો તીર : - બોસના ઘર આગળ આજ સવારથી લાંબી લાઈન લાગી
06

# શેફાલીનું નિધન : ગ્લેમર વર્લ્ડની કાળી બાજુ



શેફાલી જરીવાલા ગુજરી ગઈ.

'૨૦૦૨'માં આવેલા 'કાંટા લગા...'ના રિમેકથી રાતોરાત દેશભરમાં જાણીતી થઈ ગયેલી અભિનેત્રી શેફાલી જરીવાલાના અચાનક નિધને આખા દેશને સ્તબ્ધ કરી દીધો છે. શેફાલી જરીવાલાએ માત્ર ૪૨ વર્ષની વયે દુનિયાને અલવિદા કહી દીધું છે.

શેફાલી ગુજરાતી હતી અને જાણીને આશ્ચર્ય થશે કે ઉચ્ચ શિક્ષિત હતી પણ એક્ટ્રેસ બનવા માગતી હતી તેથી એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હોવા છતાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવી ગઈ હતી. શેફાલી જરીવાલાનો જન્મ ૧૯૮૨માં ગુજરાતી પરિવારમાં થયો હતો. તેના પિતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા હતા જ્યારે માતા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં નોકરી કરતાં હતાં.

આણંદની સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી ઈન્ફોર્મેશન ટેક્નોલોજીમાં એન્જિનિયરિંગની ડીગ્રી મેળવનારી શેફાલી ફિલ્મોમાં કામ કરવા માગતી હતી તેથી ઓડિશન આપ્યા કરતી હતી. ગુજરાતમાં ભણ્યા પછી શેફાલી સપનાં પૂરા કરવા માટે ગુજરાતથી મુંબઈ આવી ગઈ. બહુ જલદી તેને પહેલી તક મળી અને ૨૦૦૨માં તેણે મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરી હતી અને તેનું 'કાંટા લગા...' ગીત એટલું બધું સુપરહિટ થયું હતું કે રાતોરાત સ્ટાર બની ગઈ હતી.

રસપ્રદ વાત એ છે કે, શેફાલી જરીવાલા જે 'કાંટા લગા' મ્યુઝિક વીડિયોમાં જોવા મળી એ ગીત ડીજે ડોલે ગાયું હતું પણ મોટા ભાગનાં લોકો ડીજે ડોલને ઓળખતાં જ નથી ને 'કાંટા લગા' માટે શેફાલીને જ યાદ કરે છે. 'કાંટા લગા' ગીત મૂળ ૧૯૭૨માં આવેલી ધર્મેન્દ્ર અને આશા પારેખ અભિનીત સમાધિ ફિલ્મનું છે તેની પણ મોટા ભાગનાં લોકોને ખબર નથી પણ શેફાલીને સૌ ઓળખતા થઈ ગયેલા.

'કાંટા લગા' ગીત ડીજે ડોલના આલ્બમ 'બોમ્બે ૨ બેંગકોક'નો ભાગ હતું. આ ગીત ભારતીય યુવાનોનાં દિલોદિમાગ પર છવાઈ ગયેલું અને માત્ર ૧૯ વર્ષની શેફાલી તેના બોલ્ડ અને ગ્લેમરસ અવતારથી સ્ટાર બની ગઈ. 'કાંટા લગા ગર્લ' તરીકે શેફાલી અમર થઈ ગઈ.

શેફાલીની કારકિર્દી એ પછી બહુ સફળ નથી પણ 'કાંટા લગા'ની સફળતા એવી જબરદસ્ત હતી કે, ૨૩ વર્ષ પછી પણ લોકો તેને ભૂલ્યા નથી. 'કાંટા લગા'ની સફળતા બાદ શેફાલીએ બોલિવૂડ ફિલ્મોમાં પોતાનું નસીબ અજમાવ્યું હતું. ૨૦૦૪માં આવેલી સલમાન ખાન, પ્રિયંકા ચોપરા અને અક્ષય કુમાર જેવા સ્ટાર્સની 'મુજસે શાદી કરોગી' ફિલ્મમાં એક નાની ભૂમિકા ભજવી હતી.

શેફાલીએ કન્નડ ફિલ્મ હુડુગારૂમાં પણ સુપરસ્ટાર પુનિત રાજકુમાર સાથે કામ કર્યું. શેફાલીએ ઘણા મ્યુઝિક વીડિયો અને ટેલિવિઝન શોમાં કામ કર્યું. રિયાલિટી શો 'બિગ બોસ'ની ૧૩મી સિઝનમાં પણ જોવા મળી પણ તેની ઓળખ 'કાંટા લગા ગર્લ' તરીકેની જ રહી.

■■■

શેફાલીનું મોત રહસ્યમય છે.

શેફાલીના મોતનું કારણ કાર્ડિયાક એરેસ્ટ અપાય છે પણ વાસ્તવમાં મૃત્યુનું ચોક્કસ કારણ સ્પષ્ટ નથી. શેફાલીને ૨૭ જૂન ને ગુરુવારે રાત્રે કાર્ડિયાક અરેસ્ટ આવતાં પતિ પરાગ ત્યાગી અને અન્ય ત્રણ લોકો તેને મુંબઈની બેલેવ્યુ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી. એ પછી તેનું પોસ્ટમોર્ટમ કરાયું પણ કારણ સ્પષ્ટ નથી થયું. ગ્રેટર મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને સત્તાવાર રીતે કહ્યું છે કે, મૃત્યુનું કારણ હજુ સ્પષ્ટ નથી. શેફાલી જરીવાલાનું પોસ્ટમોર્ટમ રાજ્ય સરકારના ડૉક્ટરે કર્યું છે પણ ડૉક્ટરોએ પોતાનો અભિપ્રાય અનામત રાખ્યો છે.

બીજી તરફ પોલીસ તપાસમાં એવું બહાર આવ્યું છે કે, શેફાલી છેલ્લા ૭-૮ વર્ષથી એન્ટિ-એજિંગ એટલે કે સતત યુવાન દેખાવા માટેની દવાઓ લઈ રહી હતી. વર્ષો પહેલા ડૉક્ટરની સલાહ પર આપવામાં આવી હતી અને ત્યારથી તે દર મહિને આ સારવાર લઈ રહી હતી. ૨૭ જૂને શેફાલીના ઘરે પૂજા રખાઈ હોવાથી શેફાલીએ ઉપવાસ કર્યો હતો છતાં બપોરે એન્ટિ-એજિંગ દવાનું ઈન્જેક્શન લીધું હતું. પોલીસને શંકા છે કે આ દવાઓ તેના અચાનક મૃત્યુનું કારણ હોઈ શકે છે. આ દવાના કારણે તેને હૃદયરોગનો હુમલો આવ્યો હોઈ શકે છે.



બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

પોલીસે પરિવારના સભ્યો, ઘરના નોકર અને બેલેવ્યુ હોસ્પિટલના ડૉક્ટરો વગેરેનાં નિવેદનો નોંધ્યાં તેમાં બહાર આવેલી વિગતો પ્રમાણે, રાત્રે ૧૦થી ૧૧ વાગ્યાની વચ્ચે શેફાલીની તબિયત અચાનક બગડી હતી. શેફાલીનું શરીર ધ્રુજવા લાગ્યું અને બેભાન થઈ જતાં તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી પણ તેને બચાવી ના શકાઈ. ફોરેન્સિક ટીમે શેફાલીના ઘરમાંથી એન્ટિ-એજિંગ દવાઓ, વિટામિન સપ્લિમેન્ટ્સ અને ગેસ્ટ્રિક સંબંધિત ગોળીઓ સહિતની વિવિધ દવાઓ જપ્ત કરી છે. તેના પરથી સ્પષ્ટ છે કે, શેફાલી દવાઓ પર જીંદગી જીવતી હતી.

■■■

શેફાલી અને શ્રીદેવીના મોતમાં સામ્ય છે.

થોડાં વરસો પહેલાં હિન્દી ફિલ્મોની લેડી સુપરસ્ટાર તરીકે નવાજાયેલી અભિનેત્રી શ્રીદેવીનું મોત થયું ત્યારે પણ એન્ટિ-એજિંગ દવાઓનો મુદ્દો ચર્ચાયો હતો. શ્રીદેવી જબરદસ્ત ગ્લેમરસ હતી અને શ્રીદેવીની વય ૫૪ વર્ષ હતી છતાં શ્રીદેવી ૪૦ વર્ષની આસપાસની લાગતી હતી. શ્રીદેવી પણ એન્ટિ-એજિંગ દવાઓ લઈને યુવાન દેખાતી હતી ને તેનું કારણ એન્ટિ-એજિંગ દવાઓ હતી એવું કહેવાતું હતું.

પહેલાં આવેલા સમાચાર પ્રમાણે શ્રીદેવીનું મોત કાર્ડિયાક એરેસ્ટના કારણે થયેલું. મતલબ કે શેફાલી જરીવાલાની જેમ શ્રીદેવીનું હૃદય કામ કરતું બંધ થઈ ગયું તેમાં તેનું પ્રાણપંખેરૂં ઉડી ગયું પણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ પ્રમાણે શ્રીદેવીનું મોત અકસ્માતે ડૂબી જવાથી થયું હતું. શ્રીદેવી દુબઈની જુમૈરાહ અમિરાત્સ ટાવર્સ હોટલમાં રોકાયેલી. આ રૂમના બાથરૂમમાં તેનો મૃતદેહ મળ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ પ્રમાણે, શ્રીદેવીના લોહીમાં આલ્કોહોલ મળ્યો હતો. શ્રીદેવી દારૂ પીને ટલ્લી થઈ ગઈ તેમાં ભાન ના રહ્યું તેથી બાથટબના પાણીમાં ડૂબી ગઈ એવું જાહેર કરાયેલું.

આ વાત કોઈને ગળે ઉતરી નહોતી. શ્રીદેવીની હત્યા કરી દેવાઈ હોવાની વાતો ચગેલી પણ કોઈ પુરાવા નહોતા મળ્યા. શ્રીદેવીના અંડરવર્લ્ડ સાથે કનેક્શનના કારણે આ વાતો ચગેલી પણ શેફાલીના કેસમાં એવું કોઈ કનેક્શન નથી. શેફાલીનું મોત પણ શંકાસ્પદ સંજોગોમાં નથી થયું કે તેનો મૃતદેહ પણ શ્રીદેવીની જેમ મળ્યો નથી તેથી હત્યાનો સવાલ નથી પણ શેફાલીના મોત સાથે એન્ટિ-એજિંગ દવાઓના કનેક્શનની શક્યતા નકારી ના શકાય.

■■■

શેફાલીના મોતે ગ્લેમરસ વર્લ્ડની કડવી વાસ્તવિકતાને ફરી છતી કરી દીધી.ગ્લેમરસની દુનિયા બહારથી સારી લાગે છે પણ ખરેખર ગ્લેમર વર્લ્ડમાં ભારે તણાવ છે. ગ્લેમરની દુનિયા ઝાકમઝોળની દુનિયા છે અને આ દુનિયામાં રૂપની, યુવાનીની કિંમત છે. યુવાન લાગો ત્યાં સુધી તમારી કિંમત હોય, એક વાર રૂપ ઢળવા માંડે એટલે ભાવ પણ ગગડવા માંડે તેથી મોટા ભાગની એક્ટ્રેસ યુવાની ટકાવી રાખવા માટે જાત જાતના નુસખા અજમાવતી હોય છે. કોઈ પ્લાસ્ટિક સર્જરી કરાવીને યુવાન દેખાવા મથે છે તો કોઈ જાત ભાતની દવાઓ ખાઈને યુવાન રહેવા મથે તંત્ર-મંત્રના સહારે પણ ઘણાં જાય છે ને બીજા પણ અનેક રસ્તા અપનાવે છે. એ છતાં સમય સમયનું કામ કરે છે અને ઉંમર ઢળે છે તેની અસર વર્તાતી જ હોય છે. ઉંમર વધે તેમ રોગ પ્રતિકારક શક્તિ ઘટે ને બીજી પણ શારીરિક સમસ્યાઓ પેદા થતી હોય છે. તેના કારણે યુવાન દેખાવા માટેની દવાઓની આડઅસર થતી હોય છે ને શેફાલીના કિસ્સામાં એવું બન્યું હોઈ શકે છે.

ગ્લેમર વર્લ્ડમાં સતત કામ ના મળે તો પણ તણાવ રહેતો હોય છે. તેના કારણે પેદા થતા સ્ટ્રેસના કારણે અચાનક કાર્ડિયાક એરેસ્ટ આવે ને વ્યક્તિ ગુજરી જાય એવું પણ બને છે. કન્નડ અભિનેતા પુનીત રાજકુમાર, બિગબોસ-૧૩ વિજેતા સિદ્ધાર્થ શુક્લા, ગાયક કે.કે., કોમેડિયન રાજુ શ્રીવાસ્તવ, ડિરેક્ટર રાજ કૌશલ વગેરે અચાનક હાર્ટ એટેક અથવા કાર્ડિયાક એરેસ્ટથી જ ગુજરી ગયા છે ને શેફાલીના મોતનું કારણ એ પણ હોઈ શકે.

શેફાલીના મોત માટે સાચું કારણ શું તેની ખબર પડશે કે નહીં એ ખબર નથી, ગ્લેમર વર્લ્ડમાં ઘણી હસ્તીઓ આ રીતે રહસ્યમય રીતે ગુજરી ગઈ છે અને સાચું કારણ કોઈને ખબર પડી નથી. શ્રીદેવીની વાત તો કરી જ પણ બીજા પણ કિસ્સા છે. દિવ્યા ભારતી ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં યંગસ્ટર્સની હાર્ટ થ્રોબ હતી ને જુવાનિયા તેના પર ફિદા ફિદા હતા. એ પણ રહસ્યમય રીતે પોતાના ફ્લેટમાંથી પડીને ગુજરી ગઈ હતી.

ખૂબસૂરત હીરોઈન જિયા ખાન, બી.એ. પાસ ફિલ્મમાં કામ કરનારી શિખા જોશી, અમિતાભ બચ્ચનની હીરોઈન તરીકે એક જમાનામાં છવાઈ ગયેલી બોલ્ડ પરવીન બાબી, ટોચની મોડલ વિવેકા બાબાજી, એમટીવીની સ્ટાર વીજે નફીસા જોસેફ, ટીવી ને સિરિયલોની હીરોઈન કુલજીત રંધાવા સહિતની ઘણી ગ્લેમર ગર્લ્સ એવી છે કે જેમના મોતનું રહસ્ય કદી ના ઉકેલાયું. આ પૈકી મોટા ભાગની ગર્લ્સના મોતને આપઘાતમાં ખપાવીને આખી વાતનો વીંટો જ વાળી દેવાયો. નજીકના ભૂતકાળમાં પ્રત્યુષા બેનરજીથી માંડીને તુનિષા શર્મા અને ભોજપુરી ફિલ્મોની અભિનેત્રી આકાંક્ષા દુબે સહિતની એક્ટ્રેસનાં મોત પણ રહસ્યમય રીતે થયાં છે.

આશા રાખીએ કે શેફાલીના મોતનું સાચું કારણ ખબર પડે. ■

sanjogpurti@gmail.com

# કાયદા - કાનૂનમાં નવા યુગની શરૂઆત



ભારત સરકાર દ્વારા બ્રિટિશ સંસ્થાનવાદી કાયદો કોડ ઓફ ક્રિમિનલ પ્રોસીઝર ૧૯૭૩માં સુધારો કરીને ત્રણ નવા ફોજદારી કાયદા ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષય અધિનિય અમલમાં લાવતા આપણને કંઠસ્થ થઈ ગયેલી આઈપીસીની વિવિધ કલમો હવે વ્યવહારૂ રૂપમાં કામમાં તો આવવાની નથી પરંતુ જનતાને જે સરળતા મળશે/ મળી રહી છે તે બહુ મહત્વની છે.

બ્રિટિશ સાશન વખતના જુના કાયદાઓમાં સુધારા કરીને વર્ષ ૨૦૨૩માં અમલી કરાયેલ નવો કાયદો લોકોની સુરક્ષા માટે બનાવાયો હોવાથી લોકોમાં જાગૃતિ આવે તેવા પ્રયત્નો પોલીસ દ્વારા પણ થઈ રહ્યા છે. ભારતીય ન્યાય વ્યવસ્થામાં થયેલ એક નવા યુગની શરૂઆતને કેટલાક વકીલો અને સામાજિક કાર્યકરો સ્વીકાર કરી રહ્યા નથી પરંતુ આધુનિક સમયમાં એ સુધારા જરૂરી હતા અને સરકારે તે કર્યા છે.

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ (BNS) કાયદાના મુખ્ય મુદ્દાઓ આપણે જોઈએ. એફઆઈઆર માટે ડિજિટલ વ્યવસ્થા : ફરિયાદ લખાવવા હવે પોલીસ સ્ટેશનમાં રૂબરૂ જવું નહીં પડે, એફઆઈઆર માટે ડિજિટલ વ્યવસ્થા થઈ છે. આ નવા કાયદામાં ઓનલાઈન, વોટ્સએપ, ઈમેઈલ અથવા વીડિયો રેકોર્ડિંગ દ્વારા પણ ફરિયાદ થઈ શકશે.

પીડિતને મળશે માહિતીનો અધિકાર: જેની સામે ગુનો થયો છે તેની સામે પોલીસ દ્વારા શું પગલાં લેવાયા તેની રેગ્યુલર માહિતી મળશે. ફોરેન્સિક તપાસ ફરજીયાત : સાત વર્ષથી વધુ સજા વાળા કેસોમાં ફોરેન્સિક એવિડન્સ લેવું ફરજીયાત બનાવાયું છે. ઝીરો નંબર એફઆઈઆર: ઝીરો નંબર એફઆઈઆર એટલે ગુનો ગમે ત્યાં બન્યો હોય પરંતુ આપ ગમે તે પોલીસ સ્ટેશનમાંથી ફરિયાદ લખાવી શકશો. જોકે આ વ્યવસ્થા હતી જ પરંતુ કેવા સંજોગોમાં ઝીરો નંબરથી એફઆઈઆર લેવી તે બાબતે ભારે વિવાદો હતા. મહિલાઓ માટે ખાસ સુવિધા : આ નવા કાયદા મુજબ મહિલાઓને લગતા છેડતી, બળાત્કાર જેવા ગંભીર પ્રકારના ગુનાઓની ફરિયાદ મહિલા પોલીસ અધિકારી દ્વારા જ લેવાશે અને તેની કાર્યવાહી કેમેરામાં કેદ થશે.

સમય મર્યાદા : કોઈપણ કેસની પોલીસ તપાસ ૯૦ દિવસમાં પૂર્ણ કરીને ચાર્જશીટ ૬૦ દિવસમાં રજૂ કરી ઝડપી ચુકાદાની થઈ છે. જોકે આ વ્યવસ્થા કેટલી કારગર બને તેમ છે તે બાબતે અનેક પ્રશ્નાર્થ છે. કારણ કે જે રીતે મોડો મળેલો ન્યાય એ ન્યાય નથી તે રીતે ઉતાવળે આપી દીધેલો ન્યાય પણ જો કાચો હોય તો તે પણ ન્યાય નથી !

ઓન લાઈન જુબાની: સાક્ષીઓને કોર્ટમાં ઓનલાઈન જુબાની આપવાની તક મળતાં હવે અધિકારીઓ અને સાક્ષીઓ તથા કોર્ટના સમયનો બચાવ થશે. આધુનિક સમયની આ વ્યવસ્થા અત્યંત આવકારદાયક છે કારણ કે સમય જે ગતિથી ચાલી રહ્યો છે તે ગતિમાં કાયદાની વિવિધ વ્યવસ્થાઓએ પણ આધુનિક બનવું પડે અને તે વ્યવસ્થા થઈ છે તે સારી બાબત છે. ■

naranbaraiya277@gmail.com

# મૌન આત્માનો અવાજ છે...



મનુષ્ય શાંતિની શોધમાં હોય ત્યારે મનને નીરવ કરવા, આત્મશુદ્ધિ કરવા માટે મૌન ધારણ કરે છે. મૌન આત્માનું આભૂષણ છે. મૌનની અંદર પહાડોને ભસ્મીભૂત કરવાની, ઓગાળવાની અસીમ તાકાત હોય છે. ઘણી વખતે પરિવારમાં મોભી વ્યક્તિ મૌન ધારણ કરી દે તો સમજવુ કે ઘરના બધા સભ્યો નાસીપાસ થઈ જશે. જે કામ બોલવાથી ના થાય તે મૌન ધારણ કરીને પાર પાડી શકાય છે. મૌન ધારણ કરવાથી આત્મ શુદ્ધિકરણ અને આંતરિક ઊર્જા વિકાસ કરે છે.

સંસ્કૃતમાં એક શ્લોક છે. ''મૌનમ્ સર્વાર્થ સાધનમ્''. એટલે કે મૌન એ સૌથી શ્રેષ્ઠ સાધના છે. મૌન એ ખુબ જ મોટી અને અઘરી સાધના છે. મૌન માત્ર આંતરિક ઊર્જાની બચત નથી કરતું, આપણી અંદર નવીન ઊર્જાનો સંચાર પણ કરે છે. ગુસ્સો, આવેશ, વેર, દ્વેષ, પ્રપંચ, પાપાચાર જેવી નકારાત્મકતાઓ નષ્ટ કરે છે. જ્યારે આપણે ગુસ્સામાં હોઈએ ત્યારે મૌન આપણને ગુસ્સો ભૂલવામાં તથા પરિસ્થિતિના દરેક પાસાઓને પારખવામાં મદદરૂપ થાય છે. માનસિક સુખની પ્રાપ્તિ કરાવે છે. મૌન જીવનમાં સકારાત્મક્તા લાવવા માટે ખુબ મહત્વનો ભાગ ભજવે છે. આપણી વિચારશક્તિને સશક્ત બનાવે છે. આપણને નિયમિત અને શિસ્તબદ્ધ બનાવે છે. આપણી અંદર આત્મવિશ્વાસની વૃદ્ધિ કરે છે. મૌનએ વ્યક્તિને શ્રેષ્ઠ શ્રોતા બનાવે છે, જે શ્રેષ્ઠ શ્રોતા હોય તે જ વિદ્વાન બની શકે છે અને કહેવાય છે કે જે વ્યક્તિ વિદ્વાન હોય છે એ હંમેશા વધુ પડતું બોલવા કરતાં પોતાના કર્મોથી પોતાની વિદ્વતા સાબિત કરવામાં વધુ માને છે. આવા લોકો જરૂર સિવાય ક્યારેય શબ્દોનો પ્રયોગ કરતાં નથી, મૌન રહે છે. અને એટલે જ તેઓ સફળતાની ઊંચાઈએ બિરાજે છે. મૌનના સ્વાસ્થયલક્ષી લાભ પણ છે. મૌન એટલે યોગની ઉત્તમ સાધના. આ મૌન અને શાંત ચિત્તે માત્ર પ્રભુ સ્મરણ કરવાથી ઉચ્ચ રક્તચાપ એટલે કે હાઈ બ્લડપ્રેશરની તકલીફમાં પણ ઘણો ફાયદો થાય છે. મૌન દ્વારા મનને શાંત અને પ્રફુલ્લિત કરી શકાય છે અને એના કારણે લોહીની ઉણપ પણ શરીરમાંથી દૂર કરી શકાય છે. મૌનથી ગંભીર બીમારીઓ ભલે દૂર ન થાય પણ રાહત ચોક્કસ અપાવે છે. આપણી રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરી આપણને એક નવી જ સ્ફૂર્તિ પ્રદાન કરે છે. આપણી અંદર કોઈપણ ગંભીર બીમારી સામે લડવાની શક્તિનો સંચાર કરે છે. કહેવાય છે કે ઓછું બોલનાર અને મૌનનો નિયમ પાળતા લોકો નીરોગી અને લાંબુ જીવે છે.



સામાજિક અને શૈક્ષણિક
વિપુલ ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

ઋષિમૂનિઓએ મૌન વિશે જણાવતા કહ્યું છે કે મૌન એટલે બોલવું નહીં, વાંચવું નહીં, કોઈ ઈશારા નહીં, કોઈ વિચાર નહીં, કોઈ પરિસ્થિતિ સર્જાય તોય પ્રતિક્રિયા નહીં. જ્યાં બેઠા છો બસ ત્યાં જ બેસી રહેવાનું અને એ પણ શૂન્યમનસ્ક. આ છે ખરું મૌનવ્રત.

આજના સમયમાં આવી આકરી સાધના શક્ય છે ખરી? આપણે કહીશું, ના શક્ય નથી. પણ હકીકતમાં શક્ય છે. બીજું કંઈ નહીં પણ પોતાની જીભ પર નિયંત્રણ રાખવું તો ચોક્કસ શક્ય છે જ. આપણા રોજીંદા જીવનમાં આખો દિવસ નહિ તો દિવસનો અમુક સમય જેમ કે જમતી વખતે, સવારે ઉઠ્યા પછી એકાદ કલાક, એ રીતે મૌન રહેવાનો નિયમ પાળી જ શકાય. શક્ય હોય તો મૌન દરમિયાન ખાવા-પીવાનું પણ ટાળી શકાય. હવે મૌન ધારણ કરવા માટે સૌથી ઉત્તમ સમય કયો? તો જવાબ છે પ્રાતઃકાળનો. પ્રાતઃકાળ એટલે કે સવારના સમયે મૌન ખુબ જ ફળદાયી રહે છે. કારણ કે સવાર સવારમાં આપણું મન બાહ્ય નકારાત્મકતાથી દૂર હોય છે. એવા સમયે સકારાત્મક ઊર્જા વધારવામાં મૌન ખુબ જ ઉપયોગી બને છે. આપણું મન ખુબ જ ચંચળ છે. તેની વિચારયાત્રાને અટકાવવી અશક્ય છે. પણ સવારના સમયે તેની ગતિ ધીમી હોવાથી સરળતાથી નિયંત્રિત કરી શકાય છે. આ સમયે મૌનવ્રત શક્ય હોય છે અને ફળદાયી બને છે. ભલે એક જગ્યાએ બેસી ન રહી શકીએ. વાંચન ટાળી ન શકીએ. કોઈપણ પરિસ્થિતિમાં પ્રતિક્રિયા આપ્યા વિના ન રહી શકીએ પણ પોતાના શબ્દો પર તો નિયંત્રણ રાખી જ શકીએ. પેલી કહેવત છે ને, 'ન બોલવામાં નવ ગુણ'. કોઈ વાર ચૂપ રહેવાથી પણ કેટલાય પ્રશ્નો ઉકેલાઈ જાય છે. સંબંધો સચવાઈ જાય છે. શબ્દો થકી સંબંધો બગડે એના કરતાં તો મૌન સારું જ ને! પણ હા, ક્યારે મૌન રહેવું અને ક્યારે બોલવું એનું જ્ઞાન પણ જરૂરી છે, કોઈ ખોટી વાત થતી અટકાવવા બોલવું તો પડે જ. વિરોધ કરવો જ પડે. એ વખતે મૌન ના રહેવાય. મૌન એ વૈચારિક ક્ષમતાને મજબૂત બનાવે છે. સાધુ મહાત્માઓ અને સંતો પોતાની આંતરિક શક્તિથી સમાજને ઉપદેશ અને નૈતિકતામય જીવવા માટે મૌન થતી ઉપદેશ આપે છે. ગાંધીજી પણ અઠવાડિયામાં એક દિવસ મૌન પાળતા હતા. તેના કારણે તેઓ વિકટ પરિસ્થિતિમાં પણ સ્થિતપ્રજ્ઞ રહી શકતા હતા.

■ Mo.9825702282

# જુવાર વિશ્વનો એક પ્રમુખપાક છે





વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

જુવાર પંખીઓની પસંદગીનો ખોરાક છે. જુવાર ને હિન્દી માં જુઆર અથવા પોનારી ના નામથી ઓળખવા માં આવે છે. જયારે અંગ્રેજીમાં **Great Millet** તથા લેટિન ભાષામાં **AnsroopogenSrodhum** તરીકે ઓળખવામાં આવે છે.

જુવાર ભારતમાં બધે થાય છે. ગુજરાત, માળવા, ખાનદેશ, વરાળ, ધારવાડ, તમિલનાડુ તથા મદ્રાસ, મહારાષ્ટ્રમાં વાવેતર થાય છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં જુવારનું વાવેતર વધુ થાય છે. જેની ધોળી અને રાતી એમ બે જાતો થાય છે.

વરસાદ આધારીત વિસ્તારો માટે જુવાર, દાણા તેમજ ઘાસચારા માટેનો અગત્યનો પાક છે. જે ધાન્ય પાકોમાં વાવેતરની દ્રષ્ટીએ ત્રીજા ક્રમાંકે રહે છે. દક્ષિણ ગુજરાતમાં દાણા તરીકે, ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં દાણા અને ચારા તેમજ એકલા ચારા માટે જયારે ડેરી વિકસીત વિસ્તારમાં એકલા લીલાચારા તરીકે કુલ અંદાજીત ૭.૫ થી ૮ લાખ હેકટરમાં જુવારનું વાવેતર થાય છે. ચોમાસુ અને શિયાળુ ઋતુમાં જુવારની ઉત્પાદકતા અનુક્રમે ૫૩૭ અને ૯૮૦ કિ.ગ્રા./હે. છે. ચોમાસુ ઋતુમાં ચારા તરીકે જુવારનું વાવેતર થતું હોવાથી તેની ઉત્પાદકતા શિયાળુ ઋતુની સરખામણીમાં ઓછી થવા પામી છે. પરંતુ જો ફકત દાણા તરીકે વાવેતર કરતા વિસ્તારને લક્ષમાં રાખતાં તેની ઉત્પાદકતામાં આશરે ૧૦૦૦ કિલો વધારો દેખાયો છે. ઉત્પાદકતામાં થયેલ આ વધારો ખેડૂતોએ અપનાવેલ જુવારની સુધારેલી અને સંકર જાતો તેમજ તેની સુધારેલી ખેતીપ્રથાને આભારી છે.

ગામડાના ગરીબ શ્રમજીવી વર્ગના લોકો જુવારના રોટલા ખાઈ ગુજરાન ચલાવે છે. જુવારનો પોંક તથા તેની ધાણી ખૂબ ખવાય છે. જુવારના છોડ ખેતરોમાં ૩ થી ૪ હાથ ઊંચા થાય છે. તેના પર મકાઈના પાન જેવા લાંબા પાન થાય છે. છોડ પર ગોળ ડૂંડી થાય છે. તે ડૂંડીમાં જુવારના દાણા થાય છે. જુવારના દાણા બાજરાથી મોટાં અને ગોળ હોય છે. જુવારના તાજા દાંડા (સાંઠા) શેરડી જેવા મીઠા હોઈ ખવાય છે. તેના લીલા સૂકા છોડ પાળતું દૂધાળાં ઢોરનો ઉત્તમ ચારો છે. તેને 'કડબ' કહે છે.

ગુજરાતમાં મુખ્યત્વે ઉનાળુ(માર્ચથી જૂનના પ્રથમ પખવાડીયા સુધી), ચોમાસુ (જૂનના બીજા પખવાડીયાથી સપ્ટેમ્બર સુધી) અને શિયાળુ(ઓકટોબરથી ફેબ્રુઆરી સુધી) એમ ત્રણ ઋતુઓમાં વાવણી થાય છે. વરસાદ, જમીનના લક્ષણો તેમજ હવામાનને લક્ષમાં રાખી પાડવામાં આવેલ ગુજરાતના આઠ આબોહવાકીય વિવિધ ઝોન પૈકી જુવાર મુખ્યત્વે ઝોન-૨(દક્ષિણ ગુજરાત) અને ઝોન-૩ (મધ્ય ગુજરાત)માં વવાય છે. જયારે અન્ય ઝોનમાં તેનું વત્તા ઓછા પ્રમાણમાં વાવેતર જોવા મળે છે. જૂનાગઢનો ગેડ વિસ્તાર અને અમદાવાદના ભાલ વિસ્તારમાં તેમજ દરિયાકાંઠાના વિસ્તારોમાં જુવારની વાવણી પાછોતર ચોમાસામાં કરવામાં આવે છે. હાલમાં, સંશોધન કામ મુખ્યત્વે ગુજરાતના સુકા વિસ્તારને અનુકૂળ એવી વહેલી પાકતી, ઠીંગણી તેમજ વધુ ઉત્પાદન આપતી અને રોગ-જીવાત સામે પ્રતિકારક શકિત ધરાવતી જાતો વિકસાવવા પર કેન્દ્રીત છે. તેમ છતાં કેટલાક પરિબળો જુવારના ઉત્પાદન પર અસર કરે છે જે નીચે દર્શાવેલ છે. દક્ષિણ ગુજરાતમાં મુખ્યત્વે જુવાર દાણા માટે વવાય છે. જેમાં ખેડૂતો સ્થાનિક જાતો જે મોડા વાવેતર માટે અનુકૂળ છે. તેવી બીપી ૫૩, સુરત ૧ અને જીજે ૧૦૮ અપનાવે છે. આ જાતોની ઉત્પાદકતા ખૂબ ઓછી તેમજ દાણા ફૂગગ્રાહ્ય છે. દક્ષિણ ગુજરાતમાં વરસાદ પુરતા પ્રમાણમાં હોય છે. આ સ્થાનિક જાતો વાવેતર હેઠળ હોવાથી બીજા પાકની સરખામણીમાં જુવાર જેવો પાક વધુ નફાકારક થઈ શકયો નથી. આથી વધુ ઉત્પાદકતા ઓછા ખર્ચે મેળવી શકાય. નવી વિકસાવેલ જાતો જેવી કે ગુજરાત જુવાર ૩૮, જીજે ૪૦ની દાણાની ગુણવત્તા દેશી જાતો જેવી છે. ખેડૂતોએ ગુજરાત જુવાર ૩૮, જીજે ૪૦, જીજે ૪૧ અને જીએસએચ ૧ તેમજ તેને અનુરૂપ વિકસાવેલ આધુનિક ખેતી પધ્ધતિઓ વધુ ઉત્પાદન મેળવવા માટે અપનાવવી જોઈએ. **જુવારની સુધારેલી જાતો** : જુવારની સ્થાનિક જાતો : બીપી ૫૩, સુરત૧, જીજે૧૦૮, બીસી ૯ (મોડા ચોમાસુ વાવેતર માટે)**જુવારની સુધારેલી જાતો** : જીજે ૩૫, જીજે૩૬, જીજે૩૭, જીજે૩૮, જીજે૩૯, જીજે ૪૦, જીજે ૪૧ જુવારની હાઈબ્રીડ જાતોઃ જીએસએચ૧, સીએસએચ ૫, સીએસએચ૬, સીએસએચ ૧૧ હાઈબ્રીડ અને વધુ ઉપજ આપતી સ્થાયી જાતો માટે ચોમાસુ બેસતા અને સ્થાનિક જાતો માટે મોડું ચોમાસુ તરીકે એટલે કે ઓગષ્ટમાં વાવણી કરવી. **ખાતર વ્યવસ્થાપનઃ** બિયારણનો દર, **અંતર અને છોડની સંખ્યા** : બિયારણનો દર : ૧૦થી ૧૨ કિલો / હેકટર અંતર : ૪૫ × ૧૨ થી ૧૫ સે.મી. છોડની સંખ્યા : ૧.૮૦ થી ૨.૦૦ લાખ / હેકટર બીજની **માવજત** : બીજને માવજત આપ્યા વગર વાવવાથી છોડની સંખ્યા ઓછી મળે છે. અને કીટકોથી થતું નુકસાન પણ વધે છે. એટલા માટે બીજને વાવતાં પહેલાં કાર્બાફયુરાન ૩૫ એસ ૧૦૦ ગ્રામ / કિલો બીજનો ઉપયોગ કરવો. દાણાને બરાબર ચોંટે તે માટે દિવેલને સ્ટીકર તરીકે વાપરવું. **પિયત વ્યવસ્થાપનઃ** જો ચોમાસામાં પાછલો વરસાદ સારો હોય તો જુવારના પાકને પાણીની જરૂર રહેતી નથી. આમ છતાં આ પાક જયારે ૩૦-૩૫ દિવસનો થાય ત્યારે તેમજ ડુંડા નીકળવાના સમયે અને દાણા બંધાય ત્યારે પાણીનો ખેંચ હોય તો ઉત્પાદન ઘટે છે. જેથી પિયતની સગવડ હોય તો અવશ્ય આપવું. નીંદણ વ્યવસ્થાપનઃ જુવારના પાકમાં નિંદામણ નિયંત્રણ માટે જુવાર ઉગ્યા પહેલાં એગ્રોવીડોન -૪૮, ૨.૫ લિટર/હેકટર અથવા ૦.૫ કિલોગ્રામ એટ્રાઝીન અથવા ૦.૫ કિલોગ્રામ પ્રોપેઝીન પ્રતિ હેકટરે છાંટવું. આ ઉપરાંત એક આંતરખેડ અને વાવ્યા પછી ૩૦-૩૫ દિવસે હાથથી એક નિંદામણ કરવાની ભલામણ કરવામાં આવેલ છે. આગિયાનો ઉપદ્રવ અટકાવવા માટે વર્ષોવર્ષ એ જ ખેતરમાં સતત જુવારની વાવણી ન કરતાં પાકની ફેરબદલી કરવી. રોગ અને **જીવાત નિયંત્રણઃ** ૧. સાંઠાની માખી : ચોમાસુ ઋતુમાં જુવારની વાવણી કરવાથી સાંઠાની માખીનો ઉપદ્રવ ઓછો જોવા મળે છે. આથી ચોમાસાની શરૂઆત થતાંની સાથે જ જુવારની વાવણી કરવી જોઈએ. જો વરસાદની શરૂઆત સાથે જ વાવણી શકય ન હોય તો જુવારના બીજને કાર્બોસલ્ફાન ૨૫ એસ.ટી. જંતુનાશક દવાનો ૧૦૦ ગ્રામ/ કિલો બીજ પ્રમાણે માવજત આપવી જોઈએ. **૨. ગાભમારાની ઇયળ** : કાપણી થયા બાદ તુરત જ જુવારના સાંઠા તેમજ જડિયાનો ખેતરમાંથી નાશ કરવો જેથી બીજા વર્ષ દરમ્યાન ગાભમારાની ઈયળનો ઉપદ્રવ ઘટે છે. ગાભમારાની ઈયળના અસરકારક નિયંત્રણ માટે વાવણીના ૩૦ અને ૪૦ દિવસ બાદ દાણાદાર જંતુનાશક દવા પદાન (કારપેટ) ૪ દાણાદાર દવા, કવીનાલફોસ ૫ દાણાદાર દવાનો ૭.૫ અને ૧૦ કિ.ગ્રા/હે. બે વખત ઉપયોગ કરવો જરૂરી છે. ફેરરોપણીથી જુવારના વાવેતરમાં જુવારના ધરુના મૂળને ૭ કલાક સુધી કાર્બોસલ્ફાન ૨૫ એસ.ટી. ૦.૦૩૫ અથવા મીથાઈલ ઓ-ડેમેટોન ૨૫ ઈસી ૦.૦૫ અથવા કલોરપાયરીફોસ ૨૫ ઈસી ૦.૦૫ ટકાના દ્રાવણમાં ડુબાડવાની માવજત કરવાથી ગાભમારાની ઈયળનું અસરકારક નિયંત્રણ થાય છે. **૩. પાનકથીરી** : પાનકથીરીના નિયંત્રણ માટે દેશી જાતોમાં વાવણીના ૬૦ થી ૭૦ દિવસ બાદ જયારે સુધારેલ/સંકર જાતોમાં ૫૦થી ૬૦ દિવસ મીથાઈલ-ઓ-ડેમેટોન ૦.૦૨૫ અથવા ફોર્માથીઓન ૦.૦૨૫ દ્રાવણનો છંટકાવ કરવો જરૂરી છે. **૪. કણસલાની મીજમાખી** : યોગ્ય ખેતીપ્રથા જેવી કે વહેલી વાવણી તેમજ એકસાથે પાકતી જુવારની જાતોનું વાવેતર કરી મીજમાખીના ઉપદ્રવને નાથવો હિતાવહ છે. **૫. કણસલાના ચૂસિયા તેમજ ઈયળો** : ફૂલ અવસ્થા દરમ્યાન મેલાથીઓન ૫ ભૂકીનો ૩૦ કિ.ગ્રા/હે. મુજબ છંટકાવ કરવાથી કણસલાના ચૂસિયા તેમજ ઈયળોનું અસરકારક નિયંત્રણ થાય છે. **રોગો** : ૧. જુવારનો મધિયો : જુવારના મધિયાથી બચવા માટે જુવારનું વાવેતર જુલાઈ માસના બીજા પખવાડીયા દરમ્યાન કરવું હિતાવહ છે. જેથી દાણા તેમજ ચારાનું વધુ ઉત્પાદન મળે. ઝાયરમ ૦.૨ ટકાના બે છંટકાવ જેમાં પ્રથમ છંટકાવ ફૂલ અવસ્થા પહેલાં અને બીજો છંટકાવ ૫૦% ફૂલ અવસ્થા દરમ્યાન કરવાથી મધિયાના રોગને કાબુમાં લઈ શકાય છે. ૨. દાણાની ફૂગ : દાણાની ફૂગના અસરકારક નિયંત્રણ માટે મેનકોઝેબ ૦.૨ અને કેપ્ટાન ૦.૨ અથવા થાયરમ ૦.૨ અને કાર્બેન્ડિઝમ ૦.૦૫ ટકા મિશ્રણના બે છંટકાવ, પ્રથમ ફુલ અવસ્થાની શરૂઆત થયે અને બીજો છંટકાવ પ્રથમ છંટકાવના ૧૦ દિવસ બાદ કરવો જરૂરી છે. **૩. પ્રકાંડનો કાજલ સડો** : વાવણી સમયે ફુગનાશક દવા ટીએમટીડી ૪.૫ કિ.ગ્રા/હે. પ્રમાણે ચાસમાં આપવાથી આ રોગનું પ્રમાણ નહીવત જોવા મળે છે તેમજ દાણા તથા ચારાનું વધુ ઉત્પાદન મળે છે. **કાપણી અને સંગ્રહ કાપણી** : તમામ સુધારેલ / સંકર જાતો ૨૦-૨૪% દાણાનો ભેજ હોય ત્યારે જ કાપણી કરવી યોગ્ય છે. આ સમયે કાપણી કરવાથી ૧૦ થી ૧૫ % વધુ ઉત્પાદન મળે છે અને બીજો પાક લેવા માટે ૮ થી ૧૦ દિવસનો વધુ ગાળો મળે છે. **સુકવણી અને સંગ્રહવ્યવસ્થા** : જુવારના સુરક્ષિત સંગ્રહ માટે જુવારના દાણામાં ૧૦-૧૨ ટકા જેટલો ભેજ રહે તે પ્રમાણે સૂર્યપ્રકાશમાં સુકવણી કરવી જોઈએ. ખેડૂતો સ્થાનિક પધ્ધતિ જેવી કે માટીની કોઠી, કોથળા તેમજ લોખંડના પીપમાં સંગ્રહ કરે છે. જુવારની સંગ્રહવ્યવસ્થા મુજબ તેનો સંગ્રહ હવાચુસ્ત લોખંડના ચોરસ કે ગોળ પીપમાં કરવો. **વધુ ઉત્પાદન મેળવવા માટેની ચાવીઃ** ● ગુજરાત રાજયના વિવિધ ઝોન માટે ભલામણ કરેલી જુવારની સુધારેલ /સંકર જાતોની સમયસર વાવણી કરવી તથા ભલામણ કરેલ રા.ખાતર આપવું.

● વધુ વરસાદ વાળા વિસ્તારમાં ફેરરોપણીનો આગ્રહ રાખી ૨૪ દિવસના ધરૂનો ઉપયોગ કરવો.

● જુવારના પાક સાથે આંતરપાક તરીકે તુવેરનો ઉપયોગ કરવો. ● પાકની કટોકટીની અવસ્થાઓ જેવી કે ગાંઠ બાંધવાના સમયે, ફુલ અવસ્થા અને દાણા દૂધે ભરાવવાના સમયે ભેજની ખેંચ જણાય તો પિયત આપવું. ચોમાસુ ઋતુમાં પાણીનો ભરાવો અટકાવવો. ● ખેતર નિંદણથી મુકત રાખવું. જરૂર પડે પાક સંરક્ષણના પગલાં લેવાં. ● પાકની કાપણી સમયસર કરવી. લીલા ચારા માટે ફૂલ અવસ્થા બાદ તુરત જ કાપણી કરવી. જુવાર એક ખાદ્ય અનાજ ઉપરાંત ઉત્તમ ઔષધિ પણ છે.

જુવાર મધુરી-તૂરી, લૂખી, શીતવીર્ય, અલ્પવીર્યવર્ધક, કફકર્તા, ગ્રાહી(સંકોચક), આફરો કર્તા, વધુ સમયે પચનાર, પેશાબ લાવનાર, રુચિકર્તા, કફ-પિત્ત તથા રક્તવિકારોમાં લાભપ્રદ છે. સફેદ જુવાર- પથ્યકર, વીર્યવર્ધક અને શક્તિવર્ધક છે. તે ત્રિદોષ, હરસ, વ્રણ, ગુલ્મ અને અરુચિ નાશક છે. લાલ જુવાર - કફકારાક, ચીકણી, ભારે, શીતળ મધુર, પુષ્ટિકર્તા અને ત્રિદોષનાશક છે. કીડનીના દર્દોમાં જુવારનો ઉકાળો કરી અપાય છે. ૧) **અંદરનો દાહઃ** જુવારના લોટની ખાંડમાં રાબ બનાવી પીવી તથા લોટની રબડીમાં જીરું અને દહીં મેળવીને પીવું. ૨) **શીળસઃ** સાંઠાનો રસ કાઢી તેમાં થોડી હળદર મેળવી રસ પીવો તથા શરીરે માલિશ કરવો. ૩) **સંધિવા પક્ષઘાતઃ** જુવાર બાફીને વાટીને, તેમાં દિવેલ મેળવી, ગરમ કરી લેપ કરી, રૂ મૂકી શેક કરવો. ૪) **દુષ્ટ કેન્સર, ભગંદર-દુષ્ટવ્રણઃ** લીલી જુવારના દાણા વાટી તેનો દૂધીયો રસ લગાવો કે વાટ બનાવી મૂકવી ૫) **આધાશીશીઃ** પાનના રસમાં જરાક આદુનો રસ મેળવી નાકમાં ટીપાં નાંખવાં. ૬) **કિડનીનું દર્દઃ** જુવારના દાણાનો ઉકાળો કરી પીવાથી પેશાબ વધશે ને વિકાર મટશે. માત્રાઃ તાસીર મુજબ સેવન કરવું. **જુવારમાં પોષકતત્વોનું પ્રમાણ** : જુવારમાં પ્રતિ ૧૦૦ ગ્રામે પાણીનો ભાગ ૧૧.૯%, પ્રોટીન-૧૦.૪%, ચરબી – ૧.૯%, કાર્બોહાઈડ્રેટ ૭૪.૦%, ખનીજ પદાર્થ ૧.૮%, કેલ્શિયમ ૦.૦૩%, ફોસ્ફરસ ૦.૨૮%, લોહતત્વ-૬.૨%, તથા વિટામિન એ અને બી પણ રહેલા છે. ■ hemangidmehta@gmail.com

# બોસના ઘર આગળ આજ સવારથી લાંબી લાઈન લાગી






લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

બોસના ઘર આગળ આજ સવારથી લાંબી લાઈન લાગી. કોઈ નાહીને આવી ગયાં. તો કોઈ વગર નાયે. કોઈ ચા- પાણી કરીને તો કોઈ ચા- પાણી વગર. જેમ -જેમ, જેને- જેને જાણ થતી ગઈ, એમ- એમ સૌ લાઈનમાં ઊભા રહેવા લાગ્યાં.

'ક્યારે વારો આવશે ? વારો આવશે કે નહીં? અને વારો આવશે તો આપણને મનગમતું મળશે કે નહીં? ક્યાંક ઉલમાંથી ચૂલમાં ના પડીએ. લાકડે માંકડુ ના ભટકાઈ જાય તો સારું. ભલે જેવું મળે એવું. છે એનાંથી તો છૂટીએ. હવે તો હાવ જ કંટાળી ગયાં છીએ. એમ થાય છે કે, કોઈકને મફતમાં આપી દઈએ. એનાં કરતાં તો હામે આવે તો છે. હાટાપાટા તો થઈ જાહે.' આવી તરહ તરહની વાતો કરીને સૌ ટાઈમ પાસ કરી રહ્યા હતાં. ફોર્મ ભરવાનું શરૂ થયું કે નહીં, ઈ ય કોઈને ખબર નહોતી. બસ, જેને -જેને સમાચાર મળ્યાં ઈ સીધાં જ વધારે જાણ્યાં કારવ્યા વગર લાઈનમાં ગોઠવાઈ ગયાં હતાં. સૌનાં મનમાં લાડું ફુટતાં હતાં. નવા- જૂનાં, નાનાં -મોટાં સૌ એક જ લાઈનમાં વગર કહયે ઊભા રહી ગયાં હતાં.

બેંકની લાઈન હોય કે સસ્તા અનાજની દુકાનની બહાર લાઈન હોય. ધક્કામુક્કી તો થાય જ. પરંતુ અહીં ના તો ધક્કામુક્કી થઈ, ના હોહા થઈ.

સૌને એક જ વાત મનમાં હતી કે, 'આટ- આટલું સહન કર્યું જ છે તો થોડુંક વધારે. શું ફેર પડવાનો છે.''અને સૌથી મોટી વાત. અહીં કોઈની કચકચ તો નથી. આમ કરો, તેમ કરો. આ ન કર્યું, તે ન કર્યું. અને આ શું કામ કર્યું? તમને તો ભાન જ પડતી નથી. મારું કામ વધાર્યું ને !!''

કેટલાંકને બીકેય હતી કે, 'લાઈનમાં ક્યાંક ઈ જોઈ જશે તો ? વધારે મુશ્કેલી ઉભી થશે. અને તકલીફ છે, એનાં કરતાં વધી જાશે. છતાંય પડશે એવાં દેવાશે.' એમ માનીને ઝંપલાવ્યું હતું.

છતાંય..સવાર સવારમાં આટલી મોટી લાઈન થવાનું કારણ શું હતું?

બકો અને બેરાલાલે રાત્રે ગામનાં ઓટલે વાતને વહેતી મૂકી હતી કે, 'બૈરી બદલવાની (જૂની સામે નવી )એક કંપની ખૂલી છે. અને આ કંપનીમાં આપણાં બોસ એજન્ટ બન્યાં છે.'

'બકા, આટલું મોટું ફેંકવાનું રહેવા દે. આવી કોઈ કંપની ના હોય.' એક જણે સામે વિરોધ કર્યો. 'તમારે ન માનવું હોય તો ના માનશો. અને હજીય તમારે હેરાન થવું હોય તો થાવ. મને શું ફરક પડે છે. મેં ક્યાં એજન્સી લીધી છે.'

ત્યાં એક જણે બકાનો પક્ષ લીધો.

'હવે તારે હાસું માનવું હોય તો માન. નહીંતર ના માન. પણ, પુરી વાત તો હાંભળવા દે. બોલ બકા, આ વાત હાચી છે. એનાં કાંઈ આધાર પુરાવા ખરાં!?'

'જૂઓ.. તમે હંધાય તમારો મોબાઈલ કાઢો. એમાં બોસનું સ્ટેટ્સ જૂઓ. આજકાલ હંધાયને ધંધાની જાહેરાત સોશિયલ મીડિયા દ્વારા કરવી છે. અને એમાં ખોટું 'ય શું છે? હારું નરહું હંધુય એમાં મળી રહે છે.'

હંધાયે મોબાઈલમાં જોયું.'જૂની બૈરી આપી જાવ અને નવી બૈરી લઈ જાવનો' ફોટો હતો.

વાવાઝોડાની માફક આ સમાચાર આખાં ગામમાં ફેલાઈ ગયાં. ઘણાંયને તો હરખમાંને હરખમાં રાતે નિંદરેય ના આવી. કયારે હવાર પડે અને કયારે સૌથી પહેલો લાઈનમાં ઊભો રહી જાવ.'

સવાર પડતાં પડતાં લગભગ! પોણું ગામ લાઈનમાં ઊભું રહી ગયું.

કેટલાય કુંવારા હાઢુભાઈ મનમાં ને મનમાં પસ્તાવો કરતાં હતાં.' આપણું ક્યાંય ગોઠવાયું નહીં. નહીંતર આપણેય આવી લાઈનમાં ઊભા હોત. આવી લાઈનમાં ઊભા રહેવાનાં આપણાં ભાગ્ય નથી.' છતાંય કેટલાકે બકાને મળીને જાણવાની કોશિશ કરી કે, 'જૂનું બૈરૂ ના હોય, એને આમાં ક્યાંય ચાન્સ ખરો કે નહીં!??'

પરંતુ.. બકો કે બેરાલાલ પાસે આવાં નિયમોની કોઈ જાણકારી નહોતી. એટલે આ આખી પલટનને પસ્તાવા સિવાય કોઈ આરોવારો ન્હોતો.

તો કેટલાંય મોટી ઉંમરના મુરતિયા મનમાં ને મનમાં હરખ કરતાં હતાં. પણ, હરખપદુડાઈ બહાર દેખાડતાં નહોતાં. એને એમ હતું કે, 'અમથું'ય આપણે ઘરઘયણું કરવાનું મન તો મનાવી જ લીધું હતું. છતાંય ક્યાંય મેળ પડતો નહોતો. તો.., આમાં જૂની હામે નવી આપે છે. પછી, જૂનીને કરશે શું? આપણી જેવાં કેટલાંયનો નંબર લાગી જવાનો છે. જૂનું તો જૂનું. ઘર તો બંધાય જાહે. આપણે રોટલાંનું કામ છે. ટપાકા હારે શું મતલબ!! 'આ આખી પલટન લાઈનમાં તો નહોતી પણ, બોસ બારણું ખોલે, ફોર્મ ભરવાનું ચાલું થાય અને લાઈન કેમ આગળ વધે એમાં જ એને રસ હતો. લાઈનમાં થોડી હોહા થઈ..સૌએ આગળ જોયું તો બોસે બારણું ખોલ્યું. સૌનાં મોંઢામાં અર્ધો અર્ધો લાડવો આવવાનો હોય એમ સૌનાં મોંઢા અધખુલ્લા રહી ગયાં.

બોસને નવાઈ લાગી. 'બકા, આ બધું શું છે?'

'તમારું સ્ટેટ્સ બોસ.'

'અરે..હજી મારે આજે અખતરો કરવાં જાવાનું છે. પછી હું તમને જણાવીશ.'

સૌ એકસાથે બોલ્યાં.

'ભલે તમ તમારે તમે જઈને આવો. અમે લાઈનમાં ઊભા છીએ.' (વધુ આવતાં અંકે) ■ kalubhaibhad123@gmail.com

# કોઇ પુરૂષ આપના પ્રેમમાં પડયો છે ? જાણો... આ ૧૧ લક્ષણોથી





જીવન તરંગ
જયસ્વી પટેલ

પુરુષ ઘણી વાર રાતે પત્નીને 'પ્રેમ' કરીને જલદી ઘસઘસાટ સૂઈ જાય છે, ને નસકોરાં બોલાવે છે. પણ પત્ની તો વાતો કરતાં ધરાતી નથી... પુરુષ પ્રેમી હંમેશાં કહે કે, ''હું તને આવતીકાલે જરૂર ફોન કરીશ.'' પણ ''આવતીકાલ'' આવતી નથી. સ્ત્રી રાહ જોતી રહી જાય છે. વિજ્ઞાની હજી એ વાત જાણતા નથી કે પુરુષોને કઈ વાત આકર્ષે છે. પુરુષને વિષયવાસનાનું આકર્ષણ છે? ના. એ વાત ખોટી છે. પુરુષો સૌંદર્યથી આકર્ષાય છે. જુવાન લોકો સુંદર યુવતીની દોસ્તી ઈચ્છે છે અને બ્યુટીફુલ સ્ત્રીને પરણવા ઈચ્છે છે. ગુજરાતી પુરુષોને બહુ લાંબા વાળવાળી સ્ત્રી ગમે છે, પણ લાંબા વાળવાળી સ્ત્રી પરણી જાય અને તેને પ્રેમ કરે પછી વાળને બોબ્ડકટ કરાવે તો પુરુષને કોઈ વાંધો નથી.

મનોવિજ્ઞાનની એક વાત સ્ત્રી યાદ રાખે, જે પુરુષને ભરાવદાર 'બદનવાળી' સ્ત્રી ગમે, તે પુરુષ બહુ સંકુચિત અને સ્વાર્થી હોઈ શકે છે. વિજ્ઞાનની દષ્ટિએ આકર્ષક સ્ત્રી કેવી હોવી જોઈએ ? તો અમેરિકન ડો.આર્થર ફેનરનું કહેવું છે કે 'આકર્ષકતા એ વાતને કહે છે, જેમાં સ્ત્રી સામા પુરુષના મનની કલ્પના અને તેની ફેન્ટસીને એટલે કે ભાવના, મનોરથસૃષ્ટિ, તરંગ, લહર કે સનકને ઉશ્કેરે. પુરુષમાં એક વિચિત્ર સ્વભાવ છે, પોતાની પત્નીને જોઈને બીજા ઈર્ષ્યા કરે તે વાત તેને ગમે છે. એક ૪૫ વર્ષીય પ્રોફેસરને પૂછ્યું કે, ''તમે કેવી પત્ની પસંદ કરશો? તો તેમણે કહ્યું કે'' હું ખરેખર દેખીતી રીતે મેચ્યોર અને બુદ્ધિશાળી સ્ત્રીને જ પસંદ કરું, પણ જાતીય સંબંધ માટે સ્ત્રી યુવાન અને સેક્સી પણ હોવી જોઈએ. જોકે એક વાત નિખાલસતાથી કહું તો, મને જો સુંદર-ગુણિયલ પત્ની મળે તે બાબતની બીજા પુરુષો અદેખાઈ કરે તે મને ગમે ખરી.

સુંદર સ્ત્રીએ કદી પણ એમ ના માની લેવું કે, પોતે સુંદર છે તેથી તેણે પુરુષ પર પૂર્ણ કબજો કરી લીધો છે. પુરુષ સ્ત્રીમાં જરુર સુંદરતા ઈચ્છે છે, પણ તે ક્ષણિક હોય છે. સ્ત્રીને હાંસલ કર્યા પછી પુરુષને સ્ત્રીમાં સૌંદર્ય સિવાય પણ ઘણું બધું જોઈએ છે. એક અમેરિકન એજન્સીના સર્વે મુજબ, ૧૦માંથી ૮ પુરુષોએ કહ્યું કે, પત્ની એક સુંદર માતા બનવી જોઈએ. જો તે સારી ગૃહિણી ન હોય તો કંઈ કામનું નથી.'' સ્ત્રીએ પણ એ વાત સમજી લેવી કે, પુરુષને રૂપાળી ગૃહિણી જોઈએ છે. તેને પર્સનાલિટીવાળી સ્ત્રી પણ જોઈએ છે. એમાં ય કુંવારી યુવતીએ નીચેની વાતો ખાસ જાણવા જેવી અને ધ્યાનમાં રાખવા જેવી છે.

(૧) એક અમેરિકી સાયકિયાટ્રિક વિભાગના વડા ડો. વોલ્ટર ઓર્ગે કહ્યું કે, ''પુરુષમાં અસાલમતીની લાગણી તેની માતાના ગર્ભમાંથી જ શરુ થઈ હોય છે, કારણ કે બાયોલોજી પ્રમાણે માતાના ગર્ભાશયમાં જે ગર્ભ બીજ હોય છે તે મૂળભૂત રીતે સ્ત્રી બનવાનું છે, એ ગર્ભ બીજે પુરુષ બનવા મોટો સંગ્રામ ખેલવો પડે છે. (૨) જો તમે કોલેજમાં કોઈના પ્રેમમાં પડો તો, ક્યારે ય તમારા બોયફ્રેન્ડને પ્રેમપત્ર ન લખો. એક અમેરિકી નાટ્યકાર તેની પરિણીત ફ્રેન્ડને લાંબા લાંબા પ્રેમપત્ર લખતો તેવા પ્રેમપત્ર કદી ન લખવા. નહીંતર મુશ્કેલીમાં મુકાઈ જશો. તેણે પ્રેમીને કહ્યું.'' તું તારી વાતો કર મને તારી વાતો સાંભળવી ગમે છે...'' બસ જો યુવતીને પ્રેમ વિશે કંઈ લખવાનું મન થાય તો તેણે પોતાની ડાયરી લખવી અને તેમાં તેણે કોડવર્ડથી લખવું પણ પ્રેમપત્ર ન લખવા. પ્રેમી જો પ્રેમપત્રની જીદ કરે તો તેને તમારી ડાયરી બતાવીને તરત પાછી લઈ લેવી. યુવક સાથે પરિચય થયા પછી પરિચય ગાઢ બને તે પહેલાં તેની સાથે કદી ફિલ્મ જોવા ન જવું. હંમેશાં ફિલ્મ જોવાનું ટાળવું અને બની શકે તો તે મળવા બોલાવે ત્યારે સવારના સમયે જ મળવું. જો તમે હિમ્મતવાળા હોવ અને તમારામાં આત્મવિશ્વાસ હોય તો ગમે ત્યારે મળવા જઈ શકો છો.

(૩) કોઈ યુવક સાથે ફ્રેન્ડશિપ થયા પછી મૈત્રી પાકી થાય પછી પણ શરીરસંબંધ માટે તો સખત પ્રતિકાર જ કરવો. તમે જો પુરુષ હોવ તો પણ એક જવાબદાર વ્યક્તિ તરીકે જો તમારી પ્રેમિકા શરીરસંબંધ બાંધવા જીદ કરે તો પણ તમારી નૈતિકતા ના ગુમાવશો. કોઈ પણ પરસ્ત્રી કે યુવતી સાથે લગ્નનું નક્કી થયા પછી પણ તેને તમારી ભાવિ પત્ની તરીકે જુઓ તો પણ શરીરસંબંધથી દૂર રહેજો. જો તમે લગ્ન પહેલાં શરીરસંબંધ બાંધવા તૈયાર પણ થશો તો યુવકને તમારા પ્રત્યેનું માન ઘટી જશે.આ તમામે તમામ ૧૧ લક્ષણો, જે મુખ્ય છે એ જ અત્રે મેં જણાવ્યા છે. જો કે, બીજા પણ કેટલાંક લક્ષણો પુરૂષમાં હોય છે, જે તમારા પ્રતિ વ્યક્ત થતી લાગણી દર્શક જ હોય છે, જો કે, ઉપરોકત કોઈપણ લક્ષણમાં સ્વાર્થ પ્રગટ થતો નથી. નર્યુ નિઃસ્વાર્થપણું અને પારાવાર પ્રેમ જ પ્રગટાવવાની ક્રિયામાં વ્યસ્ત રહેતો પુરૂષ એક સ્ત્રીના પ્યારને ઝંખે છે.. ઈચ્છે છે.. ને, તેને તેમાં જ પોતાનું સુખ અને દુનિયા દેખાય છે. જો... આ લક્ષણો ધરાવતો પુરૂષ તમારી પાસે હોય તો સો ટકા માની જ લેજો કે તે તમારા પ્રેમમાં... સોરી અનહદ પ્રેમમાં છે...! **Wish You all the Best...!** ■ sanjogpurti@gmail.com

# રમતી જાય, તરતી જાય!





રે વાર્તા!
મનીષ સુથાર

'બીટ્ટુ, મીટ્ટુ ચાલોને રમવા, ચાલોને તરવા! જુઓ જુઓ, કેવો સરસ વરસાદ વરસી રહ્યો છે. વરસતા વરસાદમાં પાણીમાં રમવાની ને તરવાની મજા પડશે મજા! ચાલો બધાં!' - વરસતો વરસાદ જોઈ કીટ્ટુ કીડીએ એના મિત્રોને બોલાવતાં કહ્યું.

'એ... ચાલો બધાં ચાલો. વરસાદમાં રમવા, પાણીમાં તરવા!' - કીટ્ટુ કીડીના મિત્રોનું ટોળું દોડ્યું. વરસાદમાં રમવા ને પાણીમાં તરવા. ઘડીકમાં બધી કીડીઓ ભેગી થઈ ગઈ. બધી કીડીઓ વરસાદમાં નાહવા તલપાપડ હતી. એ તો ગઈ નાહવા! એ તો ગઈ વરસાદમાં રમવા!

રમતી જાય,
નાચતી જાય,
કૂદતી જાય,
ગીત મજાનાં
ગાતી જાય!

બધી કીડીઓ ખૂબ રમી, ખૂબ નાચી, ખૂબ કૂદી! વરસાદમાં નાહી નાહીને થાકી ગઈ. અચાનક કીટ્ટુ બોલી, 'આપણે ખૂબ નાહ્યાં ને ખૂબ રમ્યાં! પણ તરવાનું તો ભૂલી જ ગયાં! ચાલો હવે તરવા જઈએ!'

કીટ્ટુની વાત સાંભળી બીટ્ટુ બોલી, 'કીટ્ટુ, તરવા તો જવું જ છે. પણ તરશું કઈ રીતે? આ વહેતા પાણીમાં તો આપણે તણાઈ જઈશું. પાણીમાં ઢસડાતાં, ગુલાટીયાં મારતાં કોણ જાણે ક્યાં પહોંચશું! તરશું, જીવશું કે આપણા રામ રમી જશે!'

'અરે હા યાર! એ તો આપણે ભૂલી જ ગયાં! તરવાની મજા આપણા માટે સજા બની શકે છે! આપણે રહ્યાં નાનાં અમથાં! પાણીમાં પડ્યાં નથી કે તણાયાં સમજો! આ પાણીના જોર સામે આપણી શી તાકાત! આ પાણીનું જોર આપણને તાણીને, ઢસડીને ક્યાંય લઈ જશે ક્યાંય!' - મીટ્ટુએ બધાંને ચેતવતાં કહ્યું.

મીટ્ટુની વાત સાંભળી કીટ્ટુ બોલી, 'અરે મારા મિત્રો! તમે આમ જરાય ગભરાશો નહિ! મેં હૂં ના! આપણે રમીશું પણ ને તરીશું પણ! તમે જરાય ચિંતા ન કરશો! ચાલો મારી સાથે!' એમ કહેતાં કીટ્ટુ બધી કીડીઓને એક મોટા પાંદડા પાસે લઈ ગઈ ને બોલી, 'જુઓ દોસ્તો! આ મોટું પાંદડું આપણી નાવડી બનશે. એની પર બેસશું ને તરશું!'

કીટ્ટુનો ઉપાય જોઈ કીડીઓ રાજીરાજી થઈ ગઈ. એમણે પાંદડું ખેંચ્યું ને મૂક્યું પાણીમાં તરતું! બીટ્ટુ, મીટ્ટુ, કીટ્ટુ બધાં પાંદડા પર સવાર થઈ ગયાં. પાંદડું તરતું જાય ને કીડીઓ પાંદડા સાથે તરતી જાય! બધી કીડીઓને તરવાની મજા પડી.

રમતી જાય,
તરતી જાય,
કૂદતી જાય,
ગીત મજાનાં ગાતી જાય! ■

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

**અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલીયાના અધ્યક્ષ સ્થાને તા. ૧ થી ૬ જુલાઈ સુધી વિવિધ સહકારી કાર્યક્રમો યોજાશે**

# આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ નિમિત્તે અમર ડેરી દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન

**ગ્રામ્ય દૂધ સહકારી મંડળીઓ ખાતે સમુહ વૃક્ષારોપણ અને વૃક્ષ વિતરણ કાર્યક્રમ યોજાયો**





અમરેલી, તા.૦૧

આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ અને ભારત સરકારમાં સહકાર મંત્રાલયના ચોથા સ્થાપના દિવસ નિમિત્તે, અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલીયાના અધ્યક્ષ સ્થાને તા. ૧ થી ૬ જુલાઈ, ૨૦૨૫ દરમિયાન સહકાર ક્ષેત્રના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોના ભાગરૂપે, તા. ૧ જુલાઈ, ૨૦૨૫ ના રોજ અમર ડેરી ખાતે અને ગ્રામ્ય દૂધ સહકારી મંડળીઓ ખાતે સમૂહ વૃક્ષારોપણ અને વૃક્ષ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ સપ્તાહ આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ૨૦૨૫ અને સહકાર મંત્રાલયના સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે છે. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં અમર ડેરીના મેનેજિંગ ડિરેક્ટર (MD) ડો. આર.એસ. પટેલ, જનરલ મેનેજર (GM) ડી.આર. રામાણી સહિત વિભાગીય અધિકારીઓ, કર્મચારીઓ અને દૂધ મંડળીના મંત્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગીર સોમનાથમાં સરકારી અનાજ સગેવગે કરનારાઓ સામે તંત્રનો સપાટો, રૂ.૧૦.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત

ઉના, તા.૦૧

ગીર સોમનાથ જિલ્લામાં સરકારી અનાજની હેરાફેરી અટકાવવા કલેક્ટર એન. વી. ઉપાધ્યાયની સૂચના અને પુરવઠા અધિકારી પી.ડી. વાંદાના માર્ગદર્શન હેઠળ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તાલાલા તાલુકાના ભીમદેવળ ગામે એક ગોડાઉન પર દરોડા પાડી રૂ.૫,૨૩,૧૫૦/- ની કિંમતનો શંકાસ્પદ સરકારી અનાજનો જથ્થો (ઘઉં, ચોખા, બાજરી) તથા વજન કાંટા અને ટુ-વ્હીલર સીઝ કરવામાં આવ્યા. આ કાર્યવાહીમાં કુલ ૨૯૮ કટ્ટા ઘઉં, ૬ કટ્ટા ચોખા અને ૧૩ કટ્ટા બાજરી જપ્ત કરવામાં આવ્યા હતા. વધુમાં, ૨૫ જૂન થી ૧ જુલાઈ ૨૦૨૫ દરમિયાન થયેલ ડ્રાઈવમાં જિલ્લાભરમાંથી રૂ.૧૦,૨૯,૨૨૫/- નો મુદ્દામાલ (ઘઉં, ચોખા, બાજરી, વજન કાંટા, રીક્ષા, ટુ-વ્હીલર, બોલેરો, મહિન્દ્રા પીકઅપ) સીઝ કરી સરકારી અનાજનો ગેરકાયદેસર સંગ્રહ અને પરિવહન કરનારાઓને કડક સંદેશ આપવામાં આવ્યો છે.

# અમરેલી નગરપાલિકાના કર્મનિષ્ઠ કર્મચારીઓની નિવૃત્તિ પર વિદાય સમારંભ યોજાયો



અમરેલી, તા.૦૧

અમરેલી નગરપાલિકાના વફાદાર અને નિષ્ઠાવાન કર્મચારીઓ દિનેશભાઈ ડી. સાવલિયા (જન્મમરણ શાખા) અને મનસુખભાઈ જી. ગઢીયા (બાંધકામ શાખા) ને નિવૃત્તિના અવસરે વિદાય આપવામાં આવી હતી. બંને કર્મચારીઓએ કોઈ દાગ વિના ૩૦ વર્ષથી વધુ નિષ્ઠાપૂર્વક સેવા આપી હતી. તેમની વિદાય સમારંભ બાલમુકુંદ હોલ, ગજેરાપરા, અમરેલી ખાતે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પાલિકા પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, કોર્પોરેટર મનીષભાઈ ધરજીયા, પ્રતાપપરાના સરપંચ ગુણવંતભાઈ સાવલિયા, ઘનશ્યામભાઈ સાવલીયા અને અન્ય આગેવાનો તેમજ સહકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનારના કાજ ગામે જાતીય સતામણી અંગે કાયદાકીય જાગૃતિ શિબિર યોજાઈ



ગીર સોમનાથ,તા.૦૧

ગીર સોમનાથ જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી તેમજ દહેજ પ્રતિબંધક સંરક્ષણ અધિકારીના માર્ગદર્શન હેઠળ કોડીનાર તાલુકાના કાજ ખાતે વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર (GHCL) માં કામકાજના સ્થળે મહિલાઓની થતી જાતિય સતામણી અંગે કાયદાકીય જાગૃતિ શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં "કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ-૨૦૧૩" વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

# મહુવા માર્કેટિંગ યાર્ડમાં સહકારિતા અઠવાડિયાની ઉજવણી અંતર્ગત વૃક્ષ વિતરણ કાર્યક્રમ યોજાયો



મહુવા, તા.૦૧

આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ-૨૦૨૫ અંતર્ગત સહકારિતા અઠવાડિયાની ઉજવણીના પ્રથમ દિવસે મહુવા માર્કેટિંગ યાર્ડ દ્વારા વૃક્ષ વિતરણ અને વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત યાર્ડ તરફથી ૨૦૦૦ જેટલા વૃક્ષોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. સાથે જ આગામી ૨૦ દિવસ સુધી ખેડૂતોને રાહત ભાવે આંબાની કલમોનું વિતરણ ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે. સાથે જ યાર્ડના ગ્રાઉન્ડમાં વૃક્ષારોપણ પણકરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહુવાના ધારાસભ્ય શિવાભાઈ ગોહિલ, યાર્ડના ચેરમેન ગભરૂભાઈ કામળીયા, વા. ચેરમેન બાબુભાઈ જોળીયા, બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ અને અનેક ખેડૂત તથા વેપારી ભાઈઓ હાજર રહ્યા હતા.

**અનેકવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી**

# ફતેપુર (ભોજલરામ) જવાના રસ્તા પર ગંદકી નાખવા આવેલા ટ્રેક્ટરને ઝડપી લેવાયા



અમરેલી,તા.૦૧

અમરેલી શહેર નજીક પવિત્ર યાત્રાધામ ફતેપુર (ભોજલરામ) આવેલુ છે. આ યાત્રાધામ પર દરરોજ હજારો યાત્રિકો દર્શનાર્થે આવે છે. જો કે તંત્રની બેદરકારીને કારણે આ માર્ગ પર મરેલા ઢોર, કચરો સહિત અમરેલી શહેરની ગંદકી ઠાલવવામાં આવતી હોવાથી યાત્રિકોમાં ભારે રોષ ફેલાયો છે. આ બાબતે લોકોએ જનપ્રતિનિધિને પણ રજૂઆત કરતા તેમણે યોગ્ય કરવાની ખાતરી આપી હતી આમ છતાં પરિસ્થિતિમાં કોઈ સુધારો જોવા મળ્યો નથી. લોકોમાં રોષ હોવા છતાં આજે ફતેપુર જવાના માર્ગ પર ટ્રેક્ટરો મરેલા ઢોર અને કચરો નાખવા માટે આવ્યા હોવાની જાણ લોકોને થતા તેમણે તાત્કાલિક આપ જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલીયાને જાણ કરી હતી. આપ પ્રમુખે આ બાબતે ચીફ ઓફીસર અને કોન્ટ્રાક્ટર સાથે વાત કરી કચરો ન ઠાલવવા માટે રજૂઆત કરી હતી. જો કે નિકુંજભાઈ સાવલીયા ઘરે જતાની સાથે જ ટ્રેક્ટરોમાં મરેલા ઢોર અને કચરો આવી પહોંચતા ફરી આપ પ્રમુખને જાણ કરવામાં આવી હતી. જેથી આ બાબતે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે આ ટ્રેક્ટરોને ઝડપી લઈ પોલીસ સ્ટેશન ખાતે લઈ ગયા હતા. જેથી જ્યાં સુધી કચરા બાબતે યોગ્ય નિરાકરણ ન આવે ત્યાં સુધી ટ્રેક્ટરોને પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવે તેવી ગ્રામજનો માંગ કરી રહ્યાં છે.

**ગંદકીથી આવાસના મકાનધારકો ત્રસ્ત**

ફતેપુર જવાના માર્ગ પર ગરીબ લોકોના આવાસ મકાનો આવેલા છે આ બાબતે લોકોએ અનેકવાર રજૂઆત કરવા છતાં તંત્રના પેટનું પાણી હલતુ નથી. ગંદકી અને મરેલા પ્રાણીઓની દુર્ગંધથી સમગ્ર વાતાવરણમાં ગંધ પ્રસરી રહી છે અને લોકો બિમાર પડી રહ્યાં છે. ચોમાસાની ઋતુમાં તો આ રસ્તે નિકળવુ લોકો માટે માથાનો દુ:ખાવો બન્યુ છે. આમ છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી .

**અધિકારી-પદાધિકારીઓના માત્ર વાયદા!**

ફતેપુર( ભોજલરામ ) જવાના રસ્તે છેલ્લાં ઘણા સમયથી ગંદકી ઠાલવવામાં આવી રહી છે. આ બાબતે જવાબદાર અધિકારીઓ અને પદાધિકારીઓને અનેકવાર રજૂઆત કરવામાં આવી છે પરંતુ અધિકારીઓ-પદાધિકારીઓ લોકપ્રશ્ન હલ કરવાને બદલે શાળા પ્રવેશોત્સવ જેવા સરકારી તાયફા કરી રહ્યાં હોવાથી લોકોમાં ભારે આક્રોશ ફેલાયો છે.

# વડાપ્રધાન મોદી આજે પાંચ દેશોના પ્રવાસ માટે રવાના થશે

નવીદિલ્હી,તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૫ દેશોના પ્રવાસે જઈ રહ્યા છે. પીએમ મોદીનો પ્રવાસ ૨ જુલાઈથી શરૂ થશે. તેઓ પશ્ચિમ આફ્રિકન દેશ ઘાનાથી તેમની મુલાકાત શરૂ કરશે. આ પછી તેઓ ત્રિનિદાદ અને ટોબેગો, આર્જેન્ટિના, બ્રાઝિલ અને નામિબિયા જશે. પીએમ મોદી બે દિવસ ઘાનામાં રહેશે. ત્રણ દાયકામાં ભારતીય પીએમની આ પહેલી ઘાના મુલાકાત હશે. ઘાનાના રાષ્ટ્રપતિને મળવા અને દ્વિપક્ષીય વાટાઘાટો કરવા ઉપરાંત, પીએમ મોદી ત્યાં સંસદને પણ સંબોધિત કરશે.

# ગોપાલ ઈટાલિયા સામે લલિત વસોયાનો રૂ. ૧૦ કરોડનો બદનક્ષીનો દાવો : વિસાવદર પેટાચૂંટણીના આક્ષેપો મામલે રાજકારણ ગરમાયું



ધોરાજી, તા.૦૧

તાજેતરમાં વિસાવદર ખાતે યોજાયેલી પેટાચૂંટણીમાં આક્ષેપ-પ્રતિઆક્ષેપના મામલે રાજકારણ ગરમાયું છે.ધોરાજીના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા સામે રૂ.૧૦ કરોડનો બદનક્ષીનો દાવો કરતા ગુજરાતના રાજકારણમાં હડકંપ મચી ગયો છે. આમ આદમી પાર્ટીના નેતાઓ દ્વારા પૂર્વ ધારાસભ્ય લલિત વસોયા પર આર્થિક બાબતોને લઈને ખોટા આક્ષેપો કરવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. લલિત વસોયાએ પોતાના એડવોકેટ દિનેશભાઈ વોરા મારફતે ગોપાલભાઈ ગોરધનભાઈ ઈટાલિયા સામે રૂ.૧૦ કરોડની બદનક્ષીનો દાવો કરતી નોટિસ પાઠવી છે. નોટિસમાં જણાવ્યા મુજબ, પૂર્વ ધારાસભ્ય વસોયાને વિસાવદર પેટાચૂંટણીમાં કોંગ્રેસના પ્રચારક તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી. આ દરમિયાન લલિત વસોયા વિસાવદર ખાતેની સાયોના હોટલમાં રોકાયા હતા, જ્યાં આમ આદમી પાર્ટી તેમજ ભારતીય જનતા પાર્ટીના આગેવાનો પણ રોકાયેલા હતા. નોટિસમાં વધુમાં જણાવાયું છે કે, ચૂંટણી દરમિયાન પ્રચાર કાર્ય ચાલતું હોય ત્યારે ચૂંટણી જીતવા માટે ધારાસભ્ય લલિત વસોયાની છબી ખરડાય, તેમને વ્યક્તિગત નુકસાન થાય અને તેમની માનહાનિ થાય તે પ્રકારે સ્ટિંગ ઓપરેશન કરી, ખોટા સ્ટંટ કરી છબી ખરડાઈ હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

# ઉનાની ઊંટવાળા પ્રાથમિક શાળાના ૧૧ વર્ગખંડો જર્જરિત



ઉના,તા.૦૧

ઉના તાલુકાની ઊંટવાળા પ્રાથમિક શાળાના કુલ ૧૩ વર્ગખંડો પૈકી ૧૧ સાવ જર્જરિત હાલતમાં છે, જેના કારણે શાળાના ૨૦૪ વિદ્યાર્થીઓ ભયના ઓથાર હેઠળ મોટાભાગે ગ્રાઉન્ડમાં અભ્યાસ કરવા મજબૂર છે. વરસાદમાં તેમને મધ્યાહન ભોજનના શેડમાં બેસાડવામાં આવે છે. તાજેતરમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હોવા છતાં, શાળાની આ ગંભીર પરિસ્થિતિ પર ધ્યાન અપાયું ન હતું. જોકે, બે દિવસ પહેલાં લહેરકા પ્રાથમિક શાળામાં વર્ગખંડના પોપડા પડતા ત્રણ વિદ્યાર્થીઓને ઈજા થઈ હતી, જે બાદ ઊંટવાળા શાળાની સ્થિતિ વધુ ચિંતાજનક બની છે. શાળાના આચાર્ય ગીતાબેન સાંખટે જાન્યુઆરી અને માર્ચ ૨૦૨૫માં તાલુકા શિક્ષણાધિકારીને લેખિત અને મૌખિક રજૂઆત કરી હતી. અધિકારીએ મુલાકાત લીધી અને ગ્રાન્ટમાંથી મરામત સૂચવી, જેનાથી પોપડા પડાવી નાખવામાં આવ્યા. જોકે, બહારની લોબી પણ ધરાશાયી થવાની ભીતિ સેવાઈ રહી છે, જે વિદ્યાર્થીઓ માટે મોટું જોખમ છે.


**રાજુલાના મહે. એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.રાજુલા**

જન્મ અરજી. નં.૩૬/૨૦૨૫

અરજદાર :- શિયાળ કાળીબેન સોમાતભાઈ
ઉ.વ. ૫૨, ધંધો- મજુરી, ધર્મે- હિન્દુ
રહે. વીસળીયા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત
મું. વીસળીયા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટિસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વીસળીયા ગામના વતની શ્રી શિયાળ કાળીબેન સોમાતભાઈ અરજદારે તેમની પુત્રી શ્રી શિયાળ શિતલબેન સોમાતભાઈ ની જન્મ તા. ૧૫/૦૩/૨૦૦૬ છે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.બી.ભીલ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૧ માહે. મે સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૧/૦૫/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ
રાજુલા



**//એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૯૯/૨૦૨૫

અરજદાર :- શ્રી દેસાઈ રામજીભાઈ દુદાભાઈ
રહે. મોણપુર, તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોણપુર, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોણપુર ગામમાં અરજદારશ્રી દેસાઈ રામજીભાઈ દુદાભાઈ તેઓના પુત્ર દેસાઈ હાર્દિકભાઈ રામજીભાઈ ની જન્મ (તા.૨૭/૦૫/૧૯૮૮) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય



**//એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૯૩/૨૦૨૫

અરજદાર :- શ્રી વાલજીભાઈ મનજીભાઈ સાંગાણી
રહે. નાના ગોખરવાળા, તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. નાના ગોખરવાળા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના નાના ગોખરવાળા ગામમાં અરજદારશ્રી વાલજીભાઈ મનજીભાઈ સાંગાણી તેઓના પુત્ર અશ્વિનભાઈ વાલજીભાઈ સાંગાણી ની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય



**//એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૮૩/૨૦૨૫

અરજદાર :- શ્રી વાલજીભાઈ મનજીભાઈ સાંગાણી
રહે. નાના ગોખરવાળા, તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. નાના ગોખરવાળા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના નાના ગોખરવાળા ગામમાં અરજદારશ્રી વાલજીભાઈ મનજીભાઈ સાંગાણી તેઓના પુત્ર રસિકભાઈ વાલજીભાઈ સાંગાણી ની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય



**//એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૯૧/૨૦૨૫

અરજદાર :- શ્રી હંસાબેન નારણભાઈ વઘાસીયા વા.ઓ. બાવચંદભાઈ પોકળ
રહે. માયાપાદર, તા.કુંકાવાવ-વડીયા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોણપુર, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોણપુર ગામમાં અરજદારશ્રી હંસાબેન નારણભાઈ વઘાસીયા વા.ઓ. બાવચંદભાઈ પોકળ તેઓના નાના બહેન ચંદ્રિકા નારણભાઈ વઘાસીયા ની જન્મ(તા.૧૫/૦૭/૧૯૬૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## મરેલા પશુઓને નિકાલ કરાતો હોવાથી અસહ્ય દુર્ગંધ સાથે ગંદકી

# અમરેલી શહેરમાં આવેલ ગાયત્રી મોક્ષધામની આજુબાજુ ગંદકીથી રહીશો પરેશાન

અમરેલી, તા.૦૧

અમરેલી શહેરમાં ગાયત્રી મોક્ષધામ થી લઈને ગજેરાપરા વિસ્તારમાં ગંદકીના કારણે સ્થાનિકોને રહેવું મુશ્કેલ બન્યું છે. આ વિસ્તારમાં મરેલા પશુઓનો નિકાલ કરવામાં આવતો હોવાથી તેના કારણે પણ ગંદકી ફેલાઈ રહી છે. આ ઉપરાંત પશુઓના માસને કારણે કૂતરાઓનો ત્રાસ પણ વધ્યો છે, જેના કારણે આ વિસ્તારમાંથી રાહદારીઓને પસાર થવું લગભગ અશક્ય બની ગયું છે. આ વિસ્તારમાં ઘણી વખત રખડતા કૂતરાઓએ રાહદારીઓને બચકા ભર્યાના કિસ્સા પણ નોંધાયા છે. આ વિસ્તારમાં ગાયત્રી મોક્ષધામ સ્મશાન આવેલું હોય અંતિમક્રિયા માટે આવતા લોકોને પણ આ ગંદકીને કારણે



પારાવાર મુશ્કેલી પડે છે. ઉપરાંત આ મરેલા પશુઓના કારણે ગજેરાપરા સુધી દુર્ગંધ ફેલાઈ રહી છે જેના કારણે આ વિસ્તારમાં લોકોને રહેવું મુશ્કેલ બન્યું છે. આ અંગે તંત્રને અનેકવાર રજૂઆત કરવા છતાં હજુ સુધી યોગ્ય નિકાલ કરવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. અને જો આગામી સમયમાં પણ આ જ રીતે પશુઓનો નિકાલ આ વિસ્તારમાં કરવામાં આવશે તો સ્થાનિકો દ્વારા નગરપાલિકાના ઘેરાવ કરવાની પણ ચીમકી ઉતારવામાં આવી છે.

### સ્થાનિકો દ્વારા નગરપાલિકાને ઘેરાવ કરવામાં આવશે : શરદ ધાનાણી



ગજેરાપરા સહિતના સાવરકુંડલા રોડ પરના વિસ્તારમાં રહેતા લોકોને આ ગંદકીના કારણે પારવાર યાતનાઓ સહન કરવી પડી રહી છે. ઉપરાંત આ વિસ્તારમાં મરેલા પશુઓના નિકાલ કરવાનું પણ કામ કરવામાં આવી રહ્યું હોય જેના કારણે અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. જેથી સ્થાનિકોને ઘરે રહેવામાં પણ તકલીફ પડે છે. આ અંગે નગરપાલિકાના સત્તાધીશોને વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં પણ હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જો આગામી સમયમાં તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો નગરપાલિકા કચેરીને સ્થાનિકો દ્વારા ઘેરાઓ કરવામાં આવશે.ઉપરાંત ઉગ્ર આંદોલન પણ કરવાની ચીમકી પરિવર્તન ટ્રસ્ટના પ્રમુખ શરદભાઈ ધાનાણીએ ઉચ્ચારી છે.

# રાજકોટમાં દોઢ વર્ષની દીકરીનું રમતાં રમતાં દડી ગળી જતા મોત

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૧



શહેરમાંથી માતા પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. મવડી વિસ્તારમાં રહેતી પાર્થવી ચાવડા નામની દોઢ વર્ષની માસુમ બાળકી રમતાં રમતાં પ્લાસ્ટિકની દડી ગળી ગઈ હતી. જે બાદ તે બેશુદ્ધ થઈ જતા તેનું મોત નીપજ્યું હતુ. પરિવારની વ્હાલસોયી દીકરીનું મોત નીપજતા આઘાતનો માહોલ છવાઈ ગયો છે.

શહેરના મવડી ધનંજય હાઈટ્સમાં રહેતાં તેજસભાઈ અને કિંજલબેન ચાવડાની દોઢ વર્ષની દીકરી પાર્થવી ગયા મંગળવારે ઘરમાં રમી રહી હતી. આ દરમિયાન તેના હાથમાં પ્લાસ્ટીકની દડી આવી જતા તેને મોઢામાં મુકી દીધી હતી. તે આ દડી ગળી ગઈ હતી.

# દહેગામ તાલુકાનાં ઝાક ગામે હોસ્ટેલમાં ફૂડ પોઈઝનીંગ : ૧૦૬ બાળકો અસરગ્રસ્ત

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૧

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ઝાક ગામમાં સ્થિત જે.એમ.દેસાઈ સ્કૂલના હોસ્ટેલમાં ફૂડ પોઈઝનિંગનો ગંભીર કેસ સામે આવ્યો છે. હોસ્ટેલમાં આપવામાં આવેલ ખોરાક ખાધા પછી શાળાના ૨૨૫ બાળકોમાંથી ૧૦૬ બાળકોને ફૂડ પોઈઝનિંગ થયું હતું. થયું હતું. આ બાળકોમાંથી



૧૨ બાળકોને ગંભીર અસર થઈ હતી અને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ ઘટના અંગે તાલુકા આરોગ્ય વિભાગ, જિલ્લા આરોગ્ય અધિકારીઓ, મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી, શહેરનું વહીવટી તંત્ર ઘટનાસ્થળે પહોંચી ગયું હતું અને તપાસ શરૂ કરવામાં આવી છે. આ ઘટના અંગે જે.એમ. દેસાઈ સ્કૂલના સંચાલકો દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી. આ મૌન અંગે ગ્રામજનો અને સ્થાનિક લોકોમાં રોષ છે. આ ઘટના બાદ શાળાના છાત્રાલયની વ્યવસ્થા અને ખાદ્ય સુરક્ષા અંગે પ્રશ્નો ઉભા થયા છે.

# ગુજરાતમાં તા.૨ અને ૩ જૂલાઈએ ભારે વરસાદ થશે : હવામાન વિભાગ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧

દક્ષિણ ગુજરાતમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે. જેથી ૨ અને ૩ જુલાઈએ ભારે વરસાદની આગાહી છે. દીવ, આણંદ, વડોદરા, છોટાઉદેપુરમાં વરસાદની તિવ્રતાની શક્યતાને જોતા યલો એલર્ટ અપાયું છે. ભરૂચ, નર્મદા, સુરત, તાપીમાં યલો એલર્ટ જાહેર કરાયું છે. નવસારી, ડાંગ, વલસાડમાં પણ વરસાદનું યલો એલર્ટ આપ્યું છે. દમણ અને દાદરા અને નગરહવેલીમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગાહી મુજબ ૪ જુલાઈથી ગુજરાતમાં ફરી એક ભારે વરસાદનો આ રાઉન્ડ આવશે. તારીખ ૩ જુલાઈ બાદ રાજ્યભરમાં મેઘો મૂશળધાર વરસશે. આજે પણ રાજ્યમાં ભારે વરસાદ વરસવાની હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી. હાલ બંગાળના ઉપસાગર અને અરબ સાગરથી આવતી ભેજવાળી હવાઓના લીધે વરસાદી માહોલ છવાયો છે. તો તારીખ ૬ જુલાઈ આસપાસ બંગાળના ઉપસાગરમાં વરસાદની બીજી સિસ્ટમ સક્રિય થશે.

# ગુજરાત સરકારે સોમનાથ - દ્વારકા નમો શક્તિ એક્સપ્રેવ-વે ને મંજૂરી આપી

અમદાવાદ,તા.૧

સોમનાથ જતા લોકો માટે દ્વારકા એક સારી યાત્રા છે. આગામી દિવસોમાં, તેઓ ઓછા સમયમાં અહીં સરળતાથી પહોંચી શકશે. વાસ્તવમાં, ગુજરાત સરકારે નમો શક્તિ એક્સપ્રેસવે અને સોમનાથ-દ્વારકા એક્સપ્રેસવેને મંજૂરી આપી



છે. આ એક્સપ્રેસવેનું ટેન્ડર કામ છ મહિનામાં પૂર્ણ થવાની ધારણા છે. ત્યારબાદ તેનું બાંધકામ શરૂ થશે. તેના નિર્માણ પછી, અમદાવાદથી સોમનાથનું અંતર ૪ કલાકમાં પૂર્ણ થશે. એક્સપ્રેસવેના નિર્માણથી મુસાફરીનો સમય ૩૦% સુધી ઘટી જશે. તમને જણાવી દઈએ કે આ વર્ષના બજેટમાં આ બંને એક્સપ્રેસવેના નિર્માણની જાહેરાત કરવામાં આવી હતી. હવે તેને મંજૂરી આપવામાં આવી છે. આ બંને એક્સપ્રેસવેનો કાર્યકાળ ૬ મહિનામાં પૂર્ણ થશે. ત્યારબાદ બાંધકામ ૩૬ મહિનામાં પૂર્ણ થવાની ધારણા છે. હાઈવેનો વિકાસ જાહેર-ખાનગી ભાગીદારી મોડેલ હેઠળ કરવામાં આવશે.

# ગાંધીનગરનાં નભોઈ કેનાલમાં કાર ખાબકતા ૨ લોકોનાં કરૂણ મોત

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૧

ગાંધીનગરથી એક દુઃખદાયક ઘટના સામે આવી છે. અહીં નભોઈ કેનાલમાં કાર ખાબકવાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. કારમાં સવાર તમમાં લોકો ડૂબી ગયા હોવાનું કહેવાઈ રહ્યું છે. આ ઘટના અંગે માહિતી મળતા જ ફાયરબ્રિગેડની ટીમ



તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. આ ઘટના માં એક યુવતી સહીત બે લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. પ્રાથમિક માહિતી મુજબ, કારમાં પાંચ લોકો હતા. ફાયર બ્રિગેડે અત્યાર સુધીમાં બે મૃતદેહ બહાર કાઢ્યા છે, જ્યારે બાકીના લોકોની શોધખોળ માટે બચાવ કામગીરી ચાલુ છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, કાર અચાનક કેનાલમાં ખાબકી ગઈ હતી.






# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં હસ્તે ગાંધીનગરથી જનસુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો પ્રારંભ

ગાંધીનગર,તા.૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા સ્પષ્ટ પણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બધી જ કલ્યાણ યોજનાઓના કેન્દ્રમાં સામાન્ય માનવીને રાખ્યો છે. આવી કલ્યાણ યોજનાઓનો લાભ મેળવવાથી કોઈ પણ જરૂરતમંદ વ્યક્તિ વંચિત ન રહી જાય તેની કાળજી વડાપ્રધાનના નેતૃત્વમાં સરકાર લે છે. એટલું જ નહીં, લાભાર્થીઓના ઘરે સામે ચાલીને સરકાર જાય છે અને તેમને મળવાપાત્ર સામાજિક- આર્થિક સુરક્ષા યોજનાઓના લાભ પહોંચાડે છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નાગરિક કલ્યાણ લક્ષી અભિગમની પ્રેરણાથી દેશભરમાં શરૂ થયેલા જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો ગાંધીનગરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો. તા. ૦૧ જુલાઈથી ૩૦ સપ્ટેમ્બર એટલે કે ત્રણ માસ સુધી ચાલનારા આ અભિયાન અન્વયે નાગરિકોના સુખી જીવન માટેની વિવિધ જન સુરક્ષા યોજનાઓના લાભ સુનિશ્ચિત કરવામાં આવશે.











